સુવિચાર
પુરૂષ જ્ઞાનનું અને સ્ત્રી ભકિતનું પ્રતિક છે. ભકિત સામે જ્ઞાનને માથું ઝુંકાવવું પડે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૨/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ મહા સુદ–૧૫ વર્ષ : ૧૫ અંક : ૦૬૩

## જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો સદ્ઉપયોગને બદલે ખુલ્લેઆમ દુરૂપયોગ

# દે ધનાધન : બગસરામાં સરકારી દવાખાનાનું મકાન બનાવવામાં ગોલમાલ

**રૂપિયા ૪.૭૫ કરોડનાં ખર્ચે જે નિયમોને આધીન મકાન બનાવવાનું છે તેમાં દે ધનાધનથી રોષ**

**ભ્રષ્ટાચાર મુકત શાસનની ગુલબાંગો વચ્ચે ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર થાય અને સૌ મૌન બની જાય**

**રાજકીય પક્ષોનાં આગેવાનો અને અધિકારીઓએ કામ નિયમ મુજબ કરાવવું જોઈએ**

**જે દેશમાં ૮૦ કરોડ જનતા મફતમાં અનાજ ખાવા મજબૂર બની હોય તે દેશમાં ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી અત્યંત જરૂરી**




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા.૨૩
બગસરામાં ચાલી રહેલ સિવિલહોસ્પિટલના કામમાંદેધનાધન એકજાગૃતનાગરિકદ્વારાતંત્રનેરજુઆત છતાંતંત્રદ્વારાતપાસનાનામેમીંડું.ટેન્ડર મુજબમટીરીયલનવાપરવામાંઆવતા કન્ટ્રકશન કંપનીદ્વારા ૪.૭૫ કરોડ રૂપિયાનો ધુમાડો કરી રહ્યાના આક્ષેપો કરવામાંઆવ્યાછેઅનેતંત્રનેરજૂઆત કરવામાં આવી છે કે, આ કામની લેબોરેટરી કરવામાં આવે તો ખબર પડે કે કેટલા અંશે આ કામ કરેલું છે. પરંતુ તંત્રની મિલીભગતના કારણે કોઈ પણ તપાસ કરવામાં આવી નથી. જયારે બગસરામાં એક અદ્યતન હોસ્પિટલ બનાવવાનું સરકારનાં સપના ઉપર પાણીફરીવળતુંહોયતેવુંલાગીરહ્યુંછે.

અનુસંધાન પાના ૬ ઉપર

## શિક્ષણ જેવા પવિત્ર વ્યવસાયમાં લેભાગુ શખ્સનું કારસ્તાન

# અમરેલી જિલ્લાનાં એક સરહદી ગામે શિક્ષકે તરૂણીનાં ઘરમાં ઘુસી દુષ્કર્મ કર્યુ

**ખાનગી શાળાનાં શિક્ષક મોહિતભાઈ જીંજાળા વિરૂધ્ધ ફરિયાદ**

અમરેલી, તા. ૨૩
અમરેલી જિલ્લાની બોર્ડરના ગામ એક ખાનગી સ્કૂલના શિક્ષકે એક તરૂણીના ઘરમાં રાત્રે ઘુસી દુષ્કર્મ કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાતા ભારે ચકચાર મચી જવા પામી છે. ત્યારે પોલીસે સગીરા ઉપર દુષ્કર્મ કરનાર આરોપીને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાની બોર્ડરના ગામ એક ખાનગી સ્કૂલના શિક્ષક તરીકે ફરજ બજાવતા મોહીતભાઈ જીંજાળા (રહે.બોરડી) નામનાં શિક્ષકે મુળ ચોટીલા જી.

અનુસંધાન પાના ૬ ઉપર

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,090/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલી જોડાઈને ભેટ આપશે

# અરેવાહ : અમરેલીમાં આગામી રવિવાર અને સોમવારે રૂપિયા ૩૫૮ કરોડનાં કામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન

**નેશનલ હાઈવે, ૬૬ કે.વી., રેલ્વે સ્ટેશનનું લોકાર્પણ સહિતનાં કામોની ભેટ ધરશે**

અમરેલી, તા. ૨૩
આગામી તા. ૨૫ ફેબ્રુઆરી અને ૨૬ ફેબ્રુઆરીના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અમરેલી લોકસભા ક્ષેત્રમાં નિર્માણ પામેલ તેમજ મંજુર થયેલ અંદાજીત રૂા. ૩૫૮ કરોડના વિકાસના કામોનું વર્ચ્યુલી ઈ–ખાતમુહુર્ત અને ઈ–લોકાર્પણ કરવાના છે ત્યારે અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ વિકાસના કામો અંગે માહિતી આપતા જણાવેલ છે કે, મોદી સરકાર દ્વારા દેશના અને છેવાડાના માનવીના વિકાસ માટે નિરંતર પ્રયાસો થઈ રહયા છે ત્યારે



વડાપ્રધાન દ્વારા તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ અમરેલી જીલ્લાના નિંગાળા–૨, ચરખડીયા, વઢેરા, માચીયાળા, અમૃતપુર, લુવારીયા, સુર્યપ્રતાપગઢ અને દહીંથરા એમ કુલ–૮ ગામોમાં રૂા. ૫૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ૬૬ કે.વી. સબ સ્ટેશનોનું લોકાર્પણ તેમજ મહુવાથી જેતપુર નેશનલ હાઈવે નં. ૩૫૧ ના પેકેજ–૧ એટલે કે, મહુવા થી બાઢડા ૪૭ કિ.મી. રૂા. ૧૭૩ કરોડના કામનું ખાતમુહુર્ત અને લાઠી–લીલીયા–ચાંવડ વચ્ચે રૂા. ૮૯ કરોડ ના ખર્ચે વોટર સપ્લાયના કામનું ખાતમુહુર્ત થવાનું છે.

તેમજ તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ અમરેલી લોકસભા વિસ્તારના મહુવા ખાતે રૂા. ૮.૭૦ કરોડ અને રાજુલા ખાતે રૂા. ૧૦.૮૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ અમૃત ભારત રેલ્વે સ્ટેશનોનું લોકાર્પણ તેમજ અમરેલી જીલ્લાના વડલી ગામ પાસે આવેલ ફાટક નં. ૮, નાના ભમોદ્રા અને અમૃતવેલ ગામ વચ્ચે આવેલ ફાટક નં. ૫૪, જીરા અને સાવરકુંડલા બસ ડેપો પાસે આવેલ ફાટક નં. ૬૫, સાવરકુંડલા બાયપાસ પર ખોડીયાર

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ..
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ
NCT (ગોળ હોસ્પિટલ) કેમ્પસ,ચિતલ રોડ, અમરેલી.
અમરેલીની સૌથી આધુનિક ICU ધરાવતી હોસ્પિટલમાં 24X7 ઇમરજન્સીમાં ફિઝિશિયન હવે રેગ્યુલર મળશે.
Dr. Jagruti Chandpa
(M.D. Medicine)
- હૃદયના એટેકની સારવાર.
- તમામ પ્રકારની ઝેરી દવા, વીંછી, સર્પદંશ તથા કોઈપણ પ્રકારના પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ.
- ફેફસાના રોગો, કિડનીના રોગો, લીવરના રોગો, પક્ષાઘાત, થાઈરોઈડ, ડાયાબિટીસ, બી.પી., બધા પ્રકારના વા તથા બધા પ્રકારના તાવની સારવાર ઉપલબ્ધ.
- દમ, ટીબી, ખેંચ, આચકી ની સારવાર ઉપલબ્ધ.
ડૉ. જાગૃતિ ચાંડપા
(એમ.ડી. મેડિસીન)
કન્સલ્ટન્ટ ફિઝિશિયન એન્ડ ઇન્ટેન્સિવીસ્ટ
99789 66629 / 99045 93355
ઉપલબ્ધ સુવિધાઓ:
અતિ આધુનિક સુવિધા યુક્ત આઈ. સી. યુ. તથા વેન્ટિલેટર ની સુવિધા / ઈ.સી.જી. તથા મલ્ટીપેરા મોનિટર / એક્સ રે / મેડિકલ / લેબોરેટરી / એમ્બ્યુલન્સ ની સુવિધા.

## જનતા અને પર્યાવરણનાં ભોગે કોઈપણ સંજોગોમાં પ્લાન્ટ શરૂ ન કરવા માંગ

# જાફરાબાદ પંથકમાં કોપર પ્લાન્ટ સામે રોષની આંધી

### જે પ્લાન્ટનાં કારણે જનઆરોગ્ય અને પર્યાવરણ જોખમાઈ તેને લગાવવો એ મુર્ખતાનું પ્રતિક

રાજુલા, તા. ૨૩

રાજુલા અને જાફરાબાદ તાલુકાની હદમાં ૨૭ વરસ પહેલા ખેડુતોના જોરદાર વિરોધ વંટોળના કારણે અને તે સમયના ધારાસભ્ય પ્રતાપભાઈ વરૂની આગેવાનીને કારણે બંધ મુલત્વી રહેલા કોપર કંપની મેનેજમેન્ટ દ્વારા પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ વરૂની ગેરહાજરીને કારણે આ પ્લાન્ટ ફરી બનાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

રાજુલા અને જાફાબાદ તાલુકાની હદમાં ૨૭ વરસ પહેલા કોપર પ્લાન્ટ માટે જગ્યા ખરીદાઈ અને તૈયારીઓ થઈ પણ ઉદ્યોગ શરૂ થતાં પહેલા જ વિરોધ થતા બંધ થઈ ગયો હતો. પરંતુ આજ કોપર પ્લાન્ટ ફરીથી જાફરાબાદ–રાજુલામાં ૧૫ હજાર કરોડના વિવાદીત કોપર પ્લાન્ટ બનાવવાનું ભુત ફરી ધુણ્યું. જેથી રાજુલા–જાફરાબાદ તાલુકાના નાગેશ્રી, કાગવદર, મીઠાપુર, સરોવડા, કોળી કંથારીયા, ખાલસા કંથારિયા, બાલાનીવાવ, વાંઢ, વઢેરા, લોઠપુર, લુણસાપુર, કોવાયા, રામપરા –૨, ભેરાઈ, બાબરકોટ, ભચાદર, ઉચૈયા, છતડિયા સહિતના અનેક ગામમાં ફરી કોપર પ્લાન્ટ બનાવવાનાં સમાચારથી વિરોધનો વંટોળ જાગ્યો છે.

મેસર્સ ઈન્ડો એશિયા કોપર લિમિટેડ દ્વારા કોપર અને ફર્ટીલાઈઝરના બે પ્લાન્ટની આગામી તા. ૧૩મી માર્ચે યોજાનારા પર્યાવરણીય હિયરીંગમાં વિરોધ કરવા થતી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. રાજુલા–જાફરાબાદ તાલુકામાં આજથી ૨૭ વર્ષ પહેલાં હિંડોરણા–બારપટોળી વચ્ચે કોપર પ્લાન્ટ માટે

### દેશનાં અન્ય રાજયમાં નુકસાનનાં કારણે બંધ થયેલ પ્લાન્ટ શરૂ કરવાની કાર્યવાહી દરિયાકાંઠે શરૂ થતાં ગામજનો નારાજ

જમીન ખરીદાઈ હતી અને પબ્લિક હીયરીંગ પણ થઈ ગયું હતું. ત્યારે આ વિસ્તારના માજી ધારાસભ્ય સ્વ. પ્રતાપભાઈ વરૂની આગેવાની તળે ઉગ્ર આંદોલનો થયા અને કંપની બંધ રહી હતી તે ફરીથી શરૂ થવાના સમાચારે વિરોધનો વંટોળ જાગ્યો છે.

આ જમીન કોપર પ્લાન્ટે શિપયાર્ડને વેચાણથી આપેલ તેમ છતાં આજની તારીખે સાત બારમાં કોપર પ્લાન્ટનો દાખલો નીકળે છે. કારણ કે હેતુફેર થયેલી હતી જેથી શીપયાર્ડે પણ આ જમીનમાં ૨૦ વર્ષથી કાંઈ કર્યુ નથી માત્ર કોપર પ્લાન્ટને નામે જમીન બોલે છે.

ગત વર્ષે આ કંપની રાજુલાથી ૧૫ કિલોમીટર નિંગાળા ગામે આવવાની હતી પરંતુ જે તે વખતે આજુબાજુના ગામોનો વિરોધ જોઈ અને નિંગાળા ગામે પણ મુલત્વી રાખી ત્યારે લોઠપુર, લુણસાપુર પાસે આ કંપની આવે છે અને તેની ખેડૂતોને ગંધ પણ ન આવી. કારણ કે એવો પ્રચાર ચાલતો હતો કે અહી એરપોર્ટ, સિમેન્ટ કે અન્ય પ્લાન્ટ આવે છે આ માટે જમીન ખરીદનારા પણ સ્થાનિક રાખેલા હોવાથી ગમે તે ભાવે જમીન ૨ થી ૫ લાખ રૂપિયાના વીઘામાં લેવાઈ હોવાનું જાણવા મળેલ છે.

આ વિસ્તારમાં જમીનનો ભાવ ૧૫–૧૬ લાખ રૂપિયા નક્કી કરેલો હતો. પરંતુ ગમે તેમ કરી દલાલો દ્વારા બે લાખથી માંડી પાંચ લાખમાં ખરીદાઈ ગઈ હતી અને કંપનીએ તે જમીન દસ લાખથી ઉપર ભાવે રાખી હોવાની ખેડૂતોને ખબર પડી જતાં

### વડ ગામે ખેડૂતો, પર્યાવરણપ્રેમીઓની બેઠકમાં પ્લાન્ટનો વિરોધ કરવાની રણનીતિ બનાવાઈ

કચવાટ ફેલાયો હતો અને અહીં જમીનના ભાવ પણ ઉંચકાઈ ગયા છે અને આજુબાજુના નાગેશ્રી, કાગવદર, મીઠાપર, સરોવરડા, કોળી કંથારીયા, બાલાની વાવ, વાંઢ, લુણસાપુર, કોવાયા સહિત આઠ ગામમાં કંપનીના વિરોધનો સુર શરૂ થયો છે અને આગામી ૧૩ તારીખે પબ્લિક હીયરીંગ હોવાથી ખેડૂતો પણ વિરોધ દર્શાવવા જશે તેવું ખેડૂતોમાં ગણગણાટ અત્યારથી જ શરૂ થઈ ગયો છે.

આ પ્રોજેકટ એટલો વિશાળ છે કે, તેના માટે ૧૫ હજાર ૬૮૯ કરોડની જોગવાઈ છે અને તેમાં માત્ર પર્યાવરણની જાળવણી માટે ૧૩૦૨ કરોડની જેગવાઈ કરાઈ હોવાનું જાણવા મળેલ છે. જો એટલી મોટી રકમ પર્યાવરણ જાળવણી માટે વાપરવાનાં હોઈ તો તે પ્રદૂષણ કેટલું કરશે તેવો વેધક સવાલ પણ લોકોમાં ઉઠી રહ્યો છે.

એવા બધા પ્રશ્નો લોકોમાં ઉદભવતા હોઈ જેથી આ પ્રોજેકટ આવેજ નહિ તેના માટે આજે વડ ગામે આજુબાજુના ગામના લોકોની મિટિંગ બોલાવવામાં આવેલ હતી. જેમાં આગામી દિવસોમાં આવેદનપત્રો અને વિરોધ પ્રદર્શનો યોજવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું અને રાજુલા–જાફરાબાદના તમામ અસરગ્રસ્ત ગામોને જોડવા ગામે ગામ મીટીંગો યોજવામાં આવશે. આજની

### જિલ્લાનાં નેતાઓ પણ જનતાની સમસ્યાને લઈને આગેવાની લે તે સમયની માંગ

મિટિંગમાં કોપર પ્લાન્ટ વિશે માહિતી આપતા અગાઉ એવો પ્લાન્ટ તમિલનાડુમાં હતો ત્યાં ચામડીના અને બીજા રોગો ખુબ જ વધી ગયેલા જેના કારણે લોકોએ જોરદાર વિરોધ કરેલ અને આ વિરોધ પ્રદર્શનમાં ૧૩ થી ૧૪ લોકોના મૃત્યુ પણ થયેલ ત્યાં ખૂબ મોટો હોબાળો થતાં આ પ્લાન્ટને બંધ કરેલ હતો. તો આવા ભયંકર પ્લાન્ટને માનવ વસ્તી અને બાગાયતી ખેતીવાળા વિસ્તારમાં સ્થાપવા સામે વિરોધ વંટોળ ઊભો થયેલ છે. આ મિટિંગમાં પર્યાવરણના કાયદાઓ જાણકારે કાયદાકીય સમજ આપેલ અને વડ ગામના યુવાન દ્વારા તમિલનાડુના પ્લાન્ટ વિશે સમજણ આપેલ, તેમજ કિસાન સંઘના અગ્રણીઓએ પણ આ પ્લાન્ટ આવશે તો લોકોના જીવ અને ખેતીવાડી, પશુ પાલન અને જળચર જીવો ઉપર વિપરીત અસરો થશે તેવું જણાવેલ હતું. અને કોઈપણ ભોગે આ પ્લાન્ટ ન આવે તે માટે લડત ચલાવવા અને આવનારી પેઢીને સુરક્ષિત કરવા સૌને જણાવેલ હતું. તેમજ રાજુલા–જાફરાબાદના માછીમારો પણ પૂરો સહયોગ આપશે તેવું જણાવેલ હતું. તેમજ કંપનીના ફેવર કરવા માટે લેટર પણ ન આપવા જણાવેલ છે. લોકોને સૌ સાથે મળીને કંપનીને કાઢવા હાંકલ કરેલ છે. તેમજ આ આંદોલનને કિસાન સંઘ લડત આપશે તેવું સૌએ જણાવેલ.

---

## ધારાસભ્ય જે.વી. કાકડીયાની જહેમતથી

# ચલાલામાં વહીવટદારનાં શાસનમાં વિકાસ કાર્યોનો અનેરો ધમધમાટ

### કરોડો રૂપિયાનાં ખર્ચે કાર્યો થઈ રહ્યાં છે



ચલાલા, તા. ૨૩

ચલાલા નગરપાલિકામાં તા. ૨૪/૨/૨૩નાં રોજ પ્રમુખ સહિત આખા બોર્ડની મુદત પૂર્ણ થતાં અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ મોડી થતાં અને આજદિન સુધી ચૂંટણીઓ નહી થતાં તા. ૨૪/૨/૨૩થી ચલાલા નગરપાલિકામાં વહીવટદાર શાસન લાગું થયેલ છે. આવતીકાલ તા. ૨૪/૨/૨૪નાં ચલાલા નગરપાલિકામાં વહીવટદાર શાસનને એક વર્ષ પૂર્ણ થવા જઈ રહેલ છે. ત્યારે છેલ્લા એક વર્ષમાં ધારી, બગસરા, ખાંભાનાં ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં ઉપયોગી માર્ગદર્શન, કોઠાસુઝ અને સીધી દેખરેખ નીચે કરોડોના કામો વેગવંતા બન્યા છે. ત્યારે ચલાલાની આમ જનતા ધારાસભ્યની નિષ્ઠાપૂર્વકની પ્રસંશા કરી રહ્યા છે. ત્યારે જાણવા મળેલ વિગત પ્રમાણે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીમતિ ગીતાબહેન કારીયાના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમિયાન અંદાજીત રૂા. ૪ કરોડના નલ સે જલ યોજનાનાં કામની તમામ પ્રોસેસ પૂર્ણ કરી એજન્સી સાથે એગ્રીમેન્ટ કરાર કરી વર્કઓર્ડર આપેલ હતા તેમજ રૂા. ૩ કરોડના ખર્ચે બનનાર રોડ રસ્તા, સ્ટ્રીટલાઈટો, સીનીયર સીટીઝન પાર્ક, પુર સંરક્ષણ દિવાલ, કમ્પાઉન્ડ વોલ, બગીચો સહિતના કામોના એગ્રીમેન્ટ કરાર અને વર્ક ઓર્ડરો એજન્સીને અપાઈ ચુકયા હતા તે કામો ધારાસભ્યની સીધી દેખરેખ નીચે વેગવંતા બન્યા છે અને આ કામો પૂર્ણતાને આરે છે. જયારે વધુ વિગત પ્રમાણે અંદાજીત રૂા. ૪ કરોડના ખર્ચે ચલાલાનો વર્ષો જુનો દુષિત પીવાના પાણીનો પ્રશ્નના કાયમી નિકાલ માટે ધારાસભ્યની વખતો વખતની રજૂઆત અને કોઠાસુઝનાં કારણે આંબરડી ગામે કૂવો કરી ત્યાંથી ફિલ્ટર પ્લાન્ટ સુધી પાણીની પાઈપલાઈન ફીટ કરાવી, ફિલ્ટર પ્લાન્ટ રીનોવેશન તથા ચલાલા નગરમાં પાણી સ્ટોરેજ માટે પૂર્ણ ક્ષમતાવાળો સંપ મંજૂર કરાવી તેની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવેલ છે. ટૂંક સમયમાં કામો ચાલું થશે તેમજ રૂા. ૪ કરોડના ખર્ચે મંજૂર થયેલ નલ સે જલ યોજનામાં કામો પૂર્ણતાને આરે છે. તેમાં છેવાડાના વિસ્તારોમાં પાણી પહોંચતુ ન હતું ત્યાં નવી લાઈનો નાખી પાણી પહોંચતું કરવામાં આવેલ છે. છેવાડાના વિસ્તારમાં ઉંચી ટાંકીનું કામ પૂર્ણતાના આરે છે. અંદાજીત રૂા. ૨૫ લાખના ખર્ચે નગરપાલિકા સંચાલિત વર્મી કમ્પોજમાં રોડ તથા શેડનું કામ પ્રગતિમાં છે તેમજ અંદાજીત રૂા. ૧ કરોડના ખર્ચે આધુનિકતાથી સજજ એવું અટલ ગાર્ડન બનાવવા માટે ગ્રાન્ટ મંજૂર કરાવી જેની ટેન્ડર પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે. અંદાજીત રૂા. ૫ લાખનાં ખર્ચે ખોડીયાર ડેમ સાઈટ ઉપર દારમાં મોટરસેટ તથા બોર ચાલું કરી ગામમાં કાયમી દુષિત પીવાના પાણીનો પ્રશ્ન હલ કરવા માટે બીજા બંધ પડેલા બોર ચાલું કરવાની કામગીરી પુરજોશમાં ચાલું છે આગામી પંદર દિવસમાં ચલાલા શહેરનાં લોકોને કાયમ માટે શુધ્ધ પીવાનું પાણી મળતું થઈ જશે. તેમજ ધારાસભ્યએ સતત સર્તકતા દાખવી આયોજનમાંથી રૂા. ૨૫ લાખ મંજૂર કરાવી ચલાલા રીલાયન્સ પેટ્રોલપંપથી ધારી રોડ ફાટક અને સાવરકુંડલા ગેઈટ સુધી આધુનિક સ્ટ્રીટ લાઈટ પોલને મંજૂરી આપી કાર્યવાહી ચાલું કરાવેલ છે.

તેમજ સરકારમાંથી રૂા. ૧ કરોડના ખર્ચે શહેરની સફાઈ તથા ગટરની આધુનિક સફાઈ માટે નાનુ તથા મોટું જેટીંગ મશીન, ગાળ કાઢવાનું મશીન, મીની ટ્રેકટર, ડોર ટુ ડોર કચરાના કલેકશન માટે છોટા હાથી જેવા વાહનો ખરીદવાની મંજૂર આવી ગયેલ છે ટૂંક સમયમાં વાહનો ખરીદવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. તેમજ વધુમાં રૂા. ૭૦ લાખના ખર્ચે વર્ષોબાદ ઝર પાણી પુરવઠા યોજનાનું આધુનિક નવીનીકરણ કરી તમામ મશીનરી નવી ફીટ કરવામાં આવશે તેમજ અમરેલી રોડ પર આવેલ મારૂતિ સોસાયટીથી પંચવટી સોસાયટીને જોડતા રસ્તે પુલ બનાવવા માટે ધારાસભ્યએ રૂા. સાડા ત્રણ લાખની પોતાની ગ્રાન્ટ ફાળવી લોકોની સુવિધામાં વધારો થશે. શહેરની તમામ સ્કૂલો, શાળાઓ તેમજ જાહેર સ્થળોએ વોટર કુલર મુકવા માટે અંદાજે રૂા. ૧૦ લાખ ગ્રાન્ટની ધારાસભ્યએ ફાળવણી કરી આગળની કાર્યવાહી ચાલું કરાવેલ છે. તેમજ શહેરને આધુનિક લાયબ્રેરી મળે તે માટે સરકારમાંથી રૂા. ૧૦ લાખ મંજૂર કરાવી તેમજી વહીવટી મંજૂર માટેની પ્રોસેસ ચાલું કરાવેલ છે. તેમજ નગરપાલિકાનાં તમામ વાહનો રાખવા માટેનો શેડ અને કવાર્ટરની મંજૂરી માટે ધારાસભ્ય ધ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે તેમજ રૂા. ૧૨ લાખના ખર્ચે સ્લમ વિસ્તારમાં પુલ (બોક્ષ કલ્વર્ટ) બનાવવા માટેની કાર્યવાહી પુરજોશમાં ચાલી રહી છે. તે ઉપરાંત ધારાસભ્યની કાર્યાલયે ભારત સરકાર અને ગુજરાત સરકારની તમામ યોજના માટે પુરૂ માર્ગદર્શન આપી તમામ યોજનાનો લાભ લાભાર્થીને સરળતાથી મળી રહે તે માટે તમામ યોજનાના ફોર્મ ભરી આપવામાં આવે છે તેમજ તમામ લાભાર્થીને પુરતો સાથ સહકાર અને સહયોગ આપવામાં આવે છે. જેથી ભારત સરકાર અને ગુજરાત સરકારની તમામ યોજનાઓનો લાભ લેવા ધારાસભ્ય જે.વી. કાકડીયાએ આમ જનતાને અનુરોધ કરેલ છે. આવી રીતે છેલ્લા એક વર્ષમાં ચલાલા નગરપાલિકામાં વહીટવદાર શાસનમાં ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં માર્ગદર્શન નીચે અને તેની સીધી દેખરેખ નીચે શહેરનો તમામ ક્ષેત્રે વિકાસ થાય અને શહેરીજનોને સુખ, શાંતિ, સગવડ અને સુવિધા વધારવા માટે હાલમાં રૂા. ૧૪ કરોડ અને ૫૦ લાખના કામો મંજૂર કરાવી હાલ કામો શહેરમાં ચાલું છે તેમજ વધુ વિકાસના કામો માટે રૂા. ૧૦ થી ૧૨ કરોડના કામોની જેમાં તમામ વિસ્તારમાં બાકી રહેતા રોડ રસ્તાનો સમાવેશ કરવામાં આવેલ છે તેની દરખાસ્ત કરવામાં આવેલ છે.

ધારાસભ્યની દેખરેખ નીચે આ તમામ કામો હાલ જે એજન્સી ધ્વારા ચાલું છે તે કામો પુરી ગુણવત્તા અને સરકારના નીતિ–નિયમ મુજબ ગુણવત્તાયુકત રીતે ચાલી રહેલ છે.


ચલાલામાં સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ સાથે ધારાસભ્ય અને કાર્યકરો શહેરનાં લોકોના વિકાસ, સમૃધ્ધિ, સલામતી, સુખ, શાંતિ અને સગવડ માટે પુરા સક્રિય રહી અને કામ કરી રહ્યા છે. ત્યારે ચલાલા શહેરમાં ધારાસભ્ય અને તેના કાર્યકરોની સરાહના થઈ રહી છે.

---

## ડોકટરે યુવકને લગનનાં ચાંદલામાં આંખ અર્પી હોય તેવી ઘટના

# ધારીનાં સેવાભાવી ડો. વાઘેલાનાં સચોટ નિદાનનાં કારણે લગનનાં ઘોડે ચડવા જનાર યુવકની આંખ બચી ગઈ

### નિષ્ઠાવાન અને પ્રમાણીક વ્યકિતઓનાં કારણે દેશનું ઉજ્જવળ ભવિષ્ય



(ખાસ અહેવાલ : પ્રતાપ ખુમાણ, દ્વારા)

સાવરકુંડલા, તા. ૨૩

હમણાં તો રોજ રોજ લગ્ન ગાળો હાલે એટલે લગ્નનીને મામેરાનીને ભેટ સોગાદની વાતો હાલે એમાં અમુક ભેટ સોગાદ એવી હોય છે કે જેનું મૂલ્ય ન આંકી શકાય.

ધારીના ૧૦૮ તરીકે જાણીતા સેવાભાવી ડોકટર વર્ષોથી જેમની ધારી ગામમાં ગલીએ ગલીએ, ઘરે ઘરે, આજુબાજુના ગામડાઓ સહીત બહારના તાલુકા સુધી ડોકટર વાઘેલાની સેવા પહોંચે છે. હવે તો દર્દીઓને આંખને લગત પ્રશ્ન હોય તો લોકમુખે એક જ નામ આવે અને તે ધારીના ૧૦૮ ડોકટર વાઘેલા.

તેમણે વરરાજાને આંખ ભેટ આપી એટલે આ ભેટ કંઈ નાની સુની ન કહેવાય જેની વાત કરીએ.આજથી ૧૫ દીવસ પહેલાં રાતના સાડા આઠ જેવો સમય થયો હશે.

એક ભાઈનો ડો.વાઘેલાને ફોન આવ્યો કે ગાડીની લાઈટ રિપેર કરવા જતાં કાચ ફૂટતા આપને આંખ બતાવવી છે. આંખમાં કંઈ વાંધો નથી પણ હમણાં જ મારા પોતાના લગ્ન છે તો બતાવી દઈએ. જેથી ડોકટરે સમય વર્તે સાવધાન કહ્યું અને રળિયાત બા ઘરમાં સંઘવી પરિવારની સુંદર સેવા ભાવથી ચાલતી હોસ્પિટલ છે ત્યાં બોલાવ્યા અને પોતે ઘરેથી નીકળ્યા અને ત્યાં દર્દી વરરાજા પણ પહોંચી ગયા. જયાં નિદાન કરી તુરંત કહ્યું,' અમદાવાદ જવું પડશે. અત્યારે જ બસમાં કે પ્રાઈવેટ વાહનમાં નીકળી જાવ, જો આંખ બચાવવી હોય તો.હું ફોન કરી દઉ છું. નિઃશુલ્ક સારવાર થઈ જશે.

વરરાજાને હજુ લગ્ન તારીખને વાર છે ત્યાં બધું સરસ થઈ જશે..' ડો. વાઘેલાના નિદાન મુજબ જ અમદાવાદના ડોકટરે નિદાન કર્યું. ડોકટરનું સચોટ નિદાન અને ત્વરિત નિર્ણય શકિતથી થયું પણ એવું અને આંખની સારવાર મળી ગઈ, વરરાજાની આંખમાંથી કાચની કણી કાઢી આંખની અંદર ટાંકા લઈ આંખ એકદમ રેડી કરી દીધી. બે ત્રણ દિવસ બાદ તે જ દર્દી ડો.વાઘેલાને આંખ બતાવવા આવ્યો અને બોલી ગયો,

'ડોકટર તમે તો વરરાજાને લગ્નના ચાંદલા પેટે મોટામાં મોટી ભેટ "આંખ" આપી છે...!'

ચાંદલાની યાદીમાં પ્રથમ નામ ડો.વાઘેલાનું જ લખવું પડે. આ તો અમૂલ્ય ચાંદલો કહેવાય.

કેટલાય દર્દીઓને મોતિયો વગેરે ઓપરેશન પણ કાના માત્ર વગર મફતમાં કરાવી આપે છે. વૃદ્ધો માટે પણ ડોકટર લાકડી બની રહે છે. અગણિત આંખોની સારવાર ડોકટર દ્વારા થાય છે. અસંખ્ય કેમ્પ પણ કરે છે. કેટલાયના જીવનમાં ડોકટરે ખુશીનો પ્રકાશ પાથર્યો છે. વિશ્વની અજાયબી છે. ડો.વાઘેલાની સેવાને સો સો સલામ છે.

આવતી તા.૨૬ ફેબ્રુઆરીએ આ વરરાજા રાજુ ચંદુભાઈ ગુજરવડિયા ના મેરેજ છે...!!

આપણે નિરાંતે ફકત એક કોલ કે મેસેજ દ્વારા.. દેવદૂત સમાન. ડો. વાઘેલા... મો.૯૪૨૭૨ ૪૫૩૭૦ પર તેમની સેવાને બિરદાવીએ...

---

# અમરેલી જિલ્લા સાંસદ ખેલ સ્પર્ધામાં કુંડલાની કન્યાને સિલ્વર મેડલ



(પ્રતાપ ખુમાણ, સાવરકુંડલા દ્વારા)

સાવરકુંડલા, તા. ૨૩

અમરેલી સ્પોટ્ર્સ સંકૂલ ખાતે સાંસદ ખેલ સ્પર્ધા સમગ્ર જિલ્લાની શાળાઓ વચ્ચે ચાલી રહી છે. તેમા એથલેટિક્સ સ્પર્ધામા અલગ અલગ સ્કૂલના બાળકોએ ભાગ લીધેલ હતો. તેમાની એક ગેઈમ ગોળા ફેંક હતી. ગોળાફેકમા કુલ ૮ કન્યાઓએ ભાગ લીધો હતો. તેમા એસ.એમ.જી.કે.સંકુલની વિધાર્થીની દલ સુનેરાએ બીજા નંબર સાથે સિલ્વર મેડલ પ્રાપ્ત કરી સમગ્ર સાવરકુંડલા અને શાળાનું ગૌરવ વધાર્યુ હતુ.

---

## વિપુલભાઈ અને વાસુરભાઈને

# લીલીયાનાં અંટાળીયા ગામે માલઢોર ચરાવવાની ના પાડનાર ખેડૂત ઉપર હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૩

લીલીયા મોટા તાલુકાના અંટાળીયા ગામે આવેલ ખોડીયાર માતાજીના મંદીર પાસે રહેતા ભરતભાઈ કાળુભાઈ ડોબરીયા નામનાં ૩૩ વર્ષિય ખેડુતે તે જ ગામે રહેતા વિપુલભાઈ કાનાભાઈ તથા વાસુરભાઈ રેવાભાઈ નામનાં આરોપીઓને ચાર પાંચ દિવસ પહેલા પોતાના ખેતરમા માલઢોર ચરાવવા આવવાની ના પાડેલ હોય, જેનુ મનદુઃખ રાખી તા.૨૨ના સવારના આશરે સાડા સાતેક વાગ્યે અંટાળીયા ગામે પાતાભાઈ ગોવીંદભાઈના ઘર પાસે ખેડૂત યુવક સાથે બોલાચાલી તથા તકરાર કરી ખેડૂત યુવકને ગાળો આપી ઉશ્કેરાઈ જઈ આરોપીઓએ લોખંડના પાઈપ વડે ડાબા હાથની કોણીના ભાગે ઉપરા ઉપરી ત્રણ ઘા મારી તથા બીજા આરોપીએ પોતાના હાથમા રહેલી લાકડી વડે ડાબા પગના ઘુટણની નીચે સાતેક ઘા મારી હાથે કોણીના ભાગે ફ્રેકચર જેવી તથા પગના ભાગે ગંભીર ઈજા પહોંચાડયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

## શહેરમાં ૪૪ હજાર જેટલા વીજ કનેકશન અને કર્મચારીઓ માત્ર ૪૦

# અમરેલી શહેરમાં પીજીવીસીએલનું વધુ એક સબ ડિવિઝન જરૂરી

**૬૦ વર્ષથી શહેરમાં એકનાં એક મહેકમથી ચાલતા વહીવટનાં કારણે વીજ પુરવઠો નિયમિત કરવામાં મુશ્કેલી**

**૬૦ વર્ષમાં શહેરની જનસંખ્યામાં એક લાખનો વધારો થયો અને પીજીવીસીએલ કચેરીમાં જૈસે થે**

**ઈશ્વરીયાથી લઈને ગાવડકા ચોકડી અને ઠેબી ડેમથી લઈને ભોજલિયા મંદિર સુધીનો વિસ્તાર**

**અમરેલીનાં ધારાસભ્યએ રાજયનાં ઉર્જા મંત્રીને રજૂઆત કરીને વધુ એક સબ ડિવિઝન શરૂ કરાવવું જોઈએ તેવી માંગ**

અમરેલી, તા. ૨૩

અમરેલી શહેરમાં છેલ્લા થોડા દિવસોથી અનિયમિત વીજ પુરવઠો મળતો હોય શહેરીજનો તોબા પોકારી ચુકયા હોય તેવા સમયે વીજ પુરવઠો અનિયમિત થવા પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરતાં ચોંકાવનારી હકીકતો પ્રકાશમાં આવેલ છે.

આધારભૂત વર્તુળોનાં જણાવ્યા અનુસાર અમરેલી શહેરમાં ૪૪ હજાર જેટલા રહેણાંક અને કોમર્શિયલ વીજ કનેકશન છે અને માત્ર એક સબ ડિવિઝન કચેરી છે જે લગભગ ૬૦ વર્ષથી યથાવત છે.

અમરેલી શહેરમાં જયારે માત્ર ૮ થી ૧૦ હજાર વીજ કનેકશન હતા અને જન સંખ્યા માત્ર ૩૦ થી ૪૦ હજાર હતી. જે વખતે જે અધિકારી કે કર્મચારી ફરજ બજાવતાં હતા તેટલા જ અધિકારીઓ અને કર્મચારીઓ આજે ફરજ બજાવી રહ્યા છે. એટલે કે વીજ કનેકશન અને વિસ્તારમાં ૪થી ૫ ગણો વધારો થયો અને અધિકારીઓ અને કર્મચારીઓ એટલી જ સંખ્યામાં ફરજ બજાવે છે.

અમરેલી શહેરમાં આગામી દિવસોમાં વસ્તી અને વિસ્તાર હજુ પણ વધશે એટલે વધુ એક સબ ડિવિઝન કચેરી શરૂ થાય તો જ વીજ પુરવઠો નિયમિત થશે નહી તો સમસ્યા વધુ વિકરાળ બનશે તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

અમરેલીનાં ધારાસભ્યએ વધુ એક સબ ડિવિઝન કચેરી શરૂ કરવા માટે રાજયનાં ઉર્જા મંત્રીની સમક્ષ રજૂઆત કરવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યાં છે.

---

### ખાડો કે વસ્તુને આ સ્ટીક સ્પર્શ કરશે તો બઝર વાગશે...

## સાવરકુંડલાનાં આંબરડી ગામની બે દીકરીઓએ કરી મહત્વપૂર્ણ શોધ

**પ્રજ્ઞાચક્ષુઓ માટે આધુનિક સ્ટીક બનાવી**


તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૨૩

નંદકુંવરબા મહિલા કોલેજની બે વિધાર્થીનીઓએ લોક ઉપયોગી પ્રોજેક્ટ પ્રજ્ઞાચક્ષુ લોકો માટે મદદરૂપ બ્લાઈન્ડ સ્ટીકનું સંશોધન કરવામા આવ્યુ હતુ. બી.સી.એ.ના એકઝીબીશનમાં મળી ભવ્ય સફળતા. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનીવર્સીટી સંલગ્ન નંદકુંવરબા મહિલા કોલેજ–દેવરાજનગર ભાવનગરના બી.સી.એ. વિભાગ દ્વારા કમ્પ્યુટર અને આઈ.ટી.નું એક્ઝીબીશન રાખવામાં આવ્યું હતું. સ્ટાર્ટઅપ ઈન્ડિયા ના આહવાનને સિદ્ધ કરવા નંદકુંવરબા મહિલા કોલેજ– દેવરાજનગર દ્વારા બે દિવસીય એક્ઝીબીશન રાખવામાં આવ્યું હતું. જેમાં વિધાર્થીનીઓએ અલગ અલગ પ્રોજેકટનું નિદર્શન યોજયું હતું. બી.સી.એ.વિભાગ દ્વારા આયોજિત આ પ્રેકસીસ ૨૦૨૪ માં સમાજમાં ઉપયોગી થઈ શકે અને પ્રજ્ઞાચક્ષુ વ્યકિત માટે ઉપયોગી નીવડી શકે તે હેતુથી વિધાર્થીનીઓ દ્વારા બ્લાઈન્ડ સ્ટીક બનાવવામાં આવી હતી. સામાન્ય પરિવારમાંથી આવતી અને આંબરડી જી. અમરેલી અને સાંઢીડા, જી. ભાવનગરના ગ્રામ્ય વિસ્તારમાંથી આવતી રામાણી શ્રુતિ રાજેશભાઈ અને ગૌસ્વામી વિશ્વા મયુરભાઈએ આ પ્રેકસીસ ૨૦૨૪ માં ભાગ લીધો હતો. ગ્રામીણ વિસ્તારમાંથી ધો. ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ભાવનગર શહેરની પ્રતિષ્ઠિત નંદકુંવરબા મહિલા કોલેજ–દેવરાજનગર ખાતે બી.સી.એ.માં પ્રવેશ મેળવ્યો હતો. જેમાં આ વિધાર્થીનીઓને એક વિચાર આવ્યો કે ઓટે બનાવેલ પ્રોજેક્ટ સમાજ ઉપયોગી બની શકે તે હેતુથી સમાજ જીવનમાં રહેલા અંધજન વ્યકિતને કેવી રીતે મદદ કરી શકાય તે હેતુથી બ્લાઈન્ડ સ્ટીક બનાવવાનો નિર્ણય કર્યો હતો.

જેમાં ૧. ડી.સી. ફીમેલ જેક ૨. ૧૮૬૫૦ બેટરી ચાર્જીગ મોડયુલ ૩.૩૬–૩૬ સ્ટેપપ બુસ્ટર મોટર, ૪. એરડુંઈનો, ૫. બઝર, ૬. અલ્ટ્રા સોનિક સેન્સર, ૭. વોટર સેન્સરનો ઉપયોગ કર્યો હતો. શરૂઆતમાં અનેક નિષ્ફળતા મળ્યા બાદ અંતે સફળતા મળી હતી. ૨૦ દિવસની મહેનત બાદ આ સ્ટીક બની હતી. આ સ્ટીકથી પ્રજ્ઞાચક્ષુ વ્યકિત જો રસ્તામાં પસાર થાય ત્યારે તેની નજીક કોઈ વ્યકિત આવે ત્યારે અને રસ્તામાં આવતા કોઈપણ અવરોધના સમયે સિગ્નલ આપે છે. આથી ભવિષ્યમાં આ સ્ટીક અંધ વ્યકિતને ખુબ મદદરૂપ થશે.

વધુમાં ભવિષ્યમાં આ સ્ટીકમાં સીસ્ટમ ઉમેરવામાં આવશે. જેથી જો કોઈ અંધ વ્યકિત બહાર કોઈપણ જગ્યાએ હોય તો પણ તેના પરિવારને લાઈવ લોકેશન મળી રહે.

નંદકુંવરબા મહિલા કોલેજ–દેવરાજનગરના આ પ્રેકસીસ–૨૦૨૪ ના કાર્યક્રમથી વિધાર્થીનીઓમાં રહેલી સર્જનાત્મક શકિતઓ બહાર આવી હતી. અને સમાજ ઉપયોગી બનશે. કુ. રામાણી શ્રુતિ રાજેશભાઈ અને કું. ગૌસ્વામી વિશ્વા મયુરભાઈને આ પ્રોજેક્ટ બનાવી સમાજને ઉપયોગી બનવા બદલ કોલેજના મેં. ટ્રસ્ટી ભરતસિંહ ગોહિલ તથા મેં.ડાયરેકટર રવિન્દ્રસિંહ સરવૈયાએ તથા સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

---

### જુનાગઢનાં કોર્પોરેટરનાં પતિદેવ વર્ષોથી દારૂનાં ધંધા સાથે જોડાયા

## અમરેલી એલસીબીએ સમગ્ર ગુજરાતમાં દારૂની હેરફેર કરનાર ધીરેન કારિયાને ઉજજૈનથી દબોચી લીધો

**૧૧ જિલ્લામાં ગુન્હાઓ નોંધાયા હોય અનેક રહસ્યનો ભેદ ખુલશે**

અમરેલી, તા. ૨૩

ગુજરાતના ૧૧ જિલ્લાઓના ૧૮ ગુનાઓમાં મોસ્ટ વોન્ટેડ તેમજ ૫૯ ગુનાઓમાં સંડોવાયેલા જુનાગઢના મહિલા કોર્પોરેટરના પતિને લોકસભાની ચૂંટણી પહેલા અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા મધ્યપ્રદેશ રાજયમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ગઈકાલે રાત્રે પ્રેસ કોન્ફરસ યોજી વિગત આપવામાં આવી હતી.

આગામી લોકસભા સામાન્ય ચુંટણીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે અને સમગ્ર ચુંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તેના ભાગરૂપે ગુજરાત રાજયના અલગ અલગ જિલ્લાઓના ગુનાઓમાં સંડોવાયેલ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ડ્રાઈવ દરમ્યાન ભાવનગર રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા તથા અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલને મળેલ ચોકકસ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે એલ.સી.બી. ટીમે ગુજરાત રાજયના અલગ અલગ ૧૧ જિલ્લાઓના ૧૮ ગુનાઓમાં વોન્ટેડ અને પ્રોહીબિશન સહિત કુલ ૫૯ ગુનાઓમાં સંડોવાયેલ આરોપી અને જુનાગઢના મહિલા કોર્પોરેટરના પતિ ધીરન અમૃતલાલ કારીયા, (રહે. જુનાગઢ, રાયજી બાગની બાજુમાં, નોબલ પ્લેટેનીયમ એપાર્ટમેન્ટ, ત્રીજા માળ, બી/૩૦૩)ને અમરેલી પોલીસે મધ્યપ્રદેશ રાજયના ઉજજૈન શહેર નજીકથી બાતમીના આધારે ઝડપી લીધો હતો.



ઝડપાયેલા આરોપી ધીરન અમૃતલાલ કારીયાને પોલીસ આજે કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરશે. ત્યારે નામચીન શખ્સને ૧૧ જિલ્લાની પોલીસ શોધતી હોવા છતાં પણ આરોપી ઝડપાતો ના હોય જેથી આરોપીના રાજકીય કનેકશન અંગે પણ પોલીસે તપાસ હાથ ધરી છે.

આરોપીને આજે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવતા આરોપીને ૮ દિવસનાં પોલીસ રિમાન્ડ ઉપર સોંપવાનો કોર્ટે હુકમ કરેલ હતો.

---

### કીડનીમાં પથરી અને લીવર ઉપર સોજો હોવાથી

## અમરેલીનાં જેશીંગપરાનાં યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**પોતાની મેળે ઘરમાં ઝેરી દવા ગટગટાવી**

અમરેલી, તા. ૨૩

અમરેલી જેશીંગપરા, શેરી નં.૨ માં રહેતા જયેશભાઈ મનસુખભાઈ ગોહિલ નામનાં ૩૨ વર્ષિય યુવકને છેલ્લા પંદર દિવસથી પેટમાં દુઃખાવો થતો હોય, અનેદવાખાનેતપાસ કરાવતા તેનેકિડનીમાં પથરી તથા લીવર ઉપર સોજો હોય જેની પીડા પોતાથી સહન ન થતા તા. ૨૧ના રાત્રીના સવા નવેક વાગ્યે પોતાના ઘરે પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

## રાજુલા : ૧૨૮ મી વિશ્વ રેકોર્ડ પદયાત્રા શિવભકત દીપક ઠેકેદાર કરશે

રાજુલા, તા. ૨૩

આગામી તારીખ ૯/૦૩/૨૦૨૪ ને શનિવારે બપોરે ૧૨ કલાકે શ્રી કોટેશ્વર મહાદેવ મંદિર રાજુલાથી ૧૩૫ કિલોમીટર ચાલીને શ્રી સોમનાથ મહાદેવ મંદિરે શિવભકત દીપક ઠેકેદાર પહોંચશે અને પોતાની ૧૨૮ મી વિશ્વ રેકોર્ડ પદયાત્રા કરશે.

---

### અચાનક ઉલ્ટીઓ શરૂ થઈ

## સા.કુંડલાનાં વીજપડી ગામના યુવકનું બીમારીથી મોત

**ખાનગી દવાખાનામાં નિધન થયું**

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે રહેતા કિશનભાઈ કેશુભાઈ ચાવડા નામનાં ૨૬ વર્ષિય યુવકને તેમના ઘરે તા. ૨૨ના ઉલ્ટીઓ થવા લાગેલ અને પેટમાં દુઃખાવો થવાની બિમારી થતા પ્રથમ તેમને વિજપડી પ્રાઈવેટ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર કરાવી વધુ સારવાર માટે સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં લાવતા ઉલ્ટીઓ તથા પેટમાં દુઃખાવાની બિમારીના કારણે યુવક મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.






















# વાર્તા–વૈભવ

## એમ કૂતરી ન મળે !

**– મનુભાઈ પંચોળી**

સ્વયં રાજાના માનીતા શિકારીઓ હતા અને સ્વયં રાજાની આજ્ઞાથી બોર્ડિંગની કૂતરી લેવા આવ્યા હતા. પણ બોર્ડિંગવાળા માસ્તર તો અડી ગયા : 'કૂતરી નહીં મળે !' શિક્ષકના ખમીરની યાદગાર સત્યકથા.

ગાંધીજીએ આ દેશને ઢંઢોળવા મુંબઈને કિનારે પગ મૂકયો એજ સાલનો બનાવ છે. ભાવનગરના એક બોર્ડિંગ હાઉસના દરવાજા પર એક બપોરે ધમાલ મચી છે. તીરકામઠાં ને બંદૂકાવાળા પંદરવીસ શિકારીઓ બંધ દરવાજાની બહાર ઊભા છે. કેટલાકની પાસે સાંકળે બાંધેલ કૂતરા છે, કોઈને કાંડે બાજ છે.' માસ્તર કયાં છે ?.'ઘેર નથી, બંદરે ગયા છે. અંદર ઊભેલ છોકરાઓ કહે છે.તમારી કૂતરી કયાં છે ? લાવો. મહારાજા સાહેબે મગાવી છે.કૂતરી તો કયાંય રખડતી હશે. સા'બ આવે પછી આવજો.'છોકરાઓ બનાવટી જવાબ આપે છે. કૂતરી એમને અતિશય વહાલી છે.અમે હમણાં જ ઝાંપામાં આવતી જોઈ છે.અંદર જ છે.બારણાં ઉઘાડો ; અમારે તપાસ કરવી છે.

'છોકરાઓ બારણાં આડા ઊભા છે, ને શિકારીઓ બારણાં ધકેલે છે, ધમકીઓ આપે છે,ગાળો દે છે; પણ


નાનાભાઈ ભટ્ટ

છોકરાઓ ચસકતા નથી. કાળુડીને એનાં ગલૂડિયાંએમનેજીવ જેવાં વહાલાંછે. એમની બૂમાબૂમ સાંભળી પડખેના ઓરડાની બારીમાંથી ડોકું કાઢી એક આધેડ બાઈ શિકારીઓને ધમકાવેછે : મારા રોયાઓ, એમ પરાણે ઘરમાં પેસતાં લાજશરમ નથી આવતી ?''બરાબર એ જ વખતે માસ્તર આવે છે મોં ઉપર ધૂળનો થર જામ્યો છે; કપાળ પર પરસેવાના ટીપાં બાઝયાં છે; કોટ કાઢી હાથ પર નાખ્યો છે. માસ્તર જુવાન છે. મોં પર ખડકની દઢતા ને પ્રતિમાની નિશ્વલતા છે, પણ પ્રતિમાની નિર્જીવતા નથી. શરીર સંન્યાસીના દંડ જેવું સીધું, ને માથું પર્વતના શિખર પેઠે ઊંચું રહ્યું છે. ભાઈ, ભાઈ, આપણા ફળિયામાં શિકારીઓ પેઠા છે, ને બા તો રડે છે. એક વિદ્યાર્થી દોડતો આવીને કહે છે. માસ્તરને જોતા જ પેલી આધેડ બાઈ ઘરમાંથી બહાર નીકળીને રડી દે છે : મારે આંહી નથી રહેવું, અમને અમારે ગામ મોકલી દે; આ ત્રણ દોકડાનાં સપાઈ સપરાં મને ને મારી વહુને ગાળો કાઢે ત્યાં અમારે નથી રહેવું.માસ્તર મૂંગામૂંગા જ એને આશ્વાસન આપે છે. છોકરાઓને હાથ વતી દૂર ખસવાનો ઈશારો કરી શિકારીઓને પૂછે છે.એક ઘરડો શિકારી આગળ આવીને કહે છે. માસ્તર, એ તો વાત એમ બની કે કાલ સાંજે મહારાજા સા'બની ગાડી અહીંથી નીકળેલી ત્યાં અહીં બે ગલૂડિયાં રમતાં ભાળ્યાં. ગલૂડિયાં રૂપાળાં ને રાભડા જેવાં હતાં એટલે બાપુસાહેબે પૂછ્યું કે, આ ગલૂડિયાં કોની કૂતરીનાં છે? તપાસ કરતાં ખબર પડી કે આ બોર્ડિંગની કૂતરીનાં જ છે. એમનેએમ થયું કે આપણે એ કૂતરી રાખી લઈએ તો ઓલાદ સરસ થાય. એટલે અમને આજ લેવા મોકલ્યા.પણ એને લઈ જાવ તો ગલૂડિયાં મરી જાય; ધાવે કોને ? છોકરાઓ કહે છે.એ તો દૂધ પવાય, પેલો શિકારી કહે છે. લ્યો માસ્તર, હવે કૂતરી લાવો.માસ્તર તો વિચારમાં ઊતરી ગયા છે – જાણે એ એમની ટેવ જ હોય ને! – એટલે સહેજ ઝબકીને કહે છે. કૂતરી ? કૂતરી તો નહીં મળે.છોકરાઓ તાળીઓ પાડવા માંડે છે, માસ્તર આંખ વતી જ ના ભણે છે, ને બધા શિકારીઓ સાંભળે તેમ સ્પષ્ટપણે, દરેક શબ્દ પર ભાર મૂકીને કહે છે તમે મહારાજા સાહેબને કહો કે માસ્તર કૂતરી આપતા નથી.તમે શું બોલો છો, માસ્તર ? કાંઈ ભાન–બાન છે?

માસ્તર કાંઈ જવાબ આપતા નથી; પોતાના હાસ્યથી જ પોતે બેભાન નથી એમ કહે છે.મહારાજાએ તો અમને હુકમ આપ્યો છે કે કૂતરી લઈને જ આવજો.''હું આપવાનો નથી.''

માસ્તર, અમે તમારી હારે માથાઝીક કરવા નથી આવ્યા. કાં તો કૂતરી આપો, નહીંતર અમે ઝાંપો તોડી અંદર આવીએ છીએ. આખરે પેલા ઘરડા શિકારીએ સંભળાવ્યું ને તિરસ્કારથી ઉમેર્યું બામણ અમથા માને જ નહીં.'ગોપાળ, પોલીસ ઉપરી સાહેબને મારૂં નામ દઈ સલામ સાથે કહેજે કે અમારી બોર્ડિંગની હદમાં થોડા હથિયારબંધ લોકો પરાણે ઘૂસવા માગે છે; આપ પોલીસની મદદ લઈને આવો' એમના અવાજમાં ત્રાંબાનો રણકાર ને પોલાદની દઢતા છે. હોઠ સખત રીતે બીડી એ બારણા પાસે ઊભેલ શિકારીઓને હાથ વતી હડસેલી આડા ઊભા રહે છે. જોઉં છું કે તમે કેમ દાખલ થાવ છો ?'શિકારીઓના ગુસ્સાનો પાર નથી. એ તો મહારાજાના માનીતા શિકારીઓ. મહારાજાના એમના પર ચારે હાથ ! આવાં તો કાંઈક તોફાન એમણે મચાવ્યાં છે, કોઈ દી ઊની આંચ આવી નથી. આજ એક પંતુજી એમને બધાને ડરાવી જાય ? એમનાં કૂતરાં ઘૂરકે છે; બાજ ચિચિયારીઓ પાડવા માંડે છે.

થોડી વારે પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ એમના માણસો સાથે આવી પહોંચે છે.એટલે માસ્તર એક બાજુએ ખસી જઈને કહે છે હવે તમે સંભાળો.પોલીસ સુપરિન્ટેન્ડન્ટ માસ્તરને ઓળખે છે; ગામમાં જેટલાં ભણેલાં માણસો છે એ સૌએ માસ્તરનું નામ સાંભળ્યું છે. ત્રણેક વર્ષ પહેલાં જ એ રાજયની કોલેજમાં પ્રોફેસર છે. હતા, મહિને બસો રૂપિયાનો પગાર હતો, માનપાન હતાં; પણ કાલેજનું ભણતર નિરર્થક લાગતાં એ છોડી દીધું, ને અત્યારે પંદરવીસ ટાબરિયાંને લઈને અહીં બેસી ગયા છે; શાકુંતલ ને શિશુપાલવધ', રોમ કે ગ્રીસનો ઈતિહાસ ભણાવવાને બદલે ચકાચકીની વાર્તા કહેવા માંડયા છે. કેટલાક લોકો એમને ભેજાંગેપ માને છે. પોલીસ – ઉપરીએ પણ અહીં આવીને મહારાજાના શિકારીઓને જોયા ત્યારે એ સહેજ ખંચકાઈ ગયો. એણે તો ધારેલું કે કોઈ ડફેરબફેર હશે. 'માસ્તર, આ તો મહારાજાના શિકારી છે.

એ તો છે; પણ એ પરહદપ્રવેશના ગુનેગાર છે.' પોલીસ ઉપરી બિચારો મૂંઝવણમાં પડે છે. શિકારીઓને સમજાવવા જાય છે ત્યારે એને ખબર પડે છે કે આ તો એક મામલત વગરની કૂતરી માટે ઝઘડો થાય છે.ત્યારે તો માસ્તર, તમે કૂતરી આપી દો ને!'જુઓ સાહેબ, આપને મહારાજા સાહેબના શિકારીઓની બીક લાગતી હોય તો આપ મને કહી દો કે. હું તમને રક્ષણ નથી આપી શકતો; એટલે હું મારૂં રક્ષણ કરી લઈશ. બાકી કૂતરી તો શું આ ફળિયાની કાંકરી પણ આપવી કે ન આપવી એ મારી મુનસફીની વાત છે. આપની સ્થિતિ હું સમજી શકું છું, આપ ખુશીથી ના પાડી દો; હું મારો રસ્તો ગોતી લઈશ.પણ તમારે કાયમ અહીં રહેવું છે, સંસ્થા ચલાવવી છે. રાજયનાં હજાર કામ પડશે. બે દોકડાની કૂતરી માટે મહારાજા સાહેબ સાથે..

આમાં કૂતરીનો સવાલ નથી; જબરદસ્તીનો સવાલ છે. હું જબરદસ્તીને નમતું નહીં આપું.એમના અવાજમાં પ્રતિજ્ઞા લેનારનું ગાંભીર્ય છે. પોલીસ ઉપરી એ રંગ પારખે છે; પોતાના સિપાઈઓને દરવાજા આડા ઊભા રહેવાનો હુકમ કરી કહે છે: માસ્તર, ચાલો તો આપણે ટેલિફોન કરતા આવીએ.' ટેલિફોનની ઘંટડી ગાજે છે ટરરર... ટરરર. હાં, હાં, કોણ–માસ્તર ના પાડે છે?'

જી હા, એ કહે છે કે, મારે કૂતરી નથી આપવી; ને શિકારીઓ કહે છે કે કૂતરી લઈને જ આવવાનો આપનો હુકમ છે. તે માસ્તરને સમજાવો કે કૂતરી આપી દે. સજનન પોલીસ અમલદાર મૂંઝાઈને માસ્તર સામું જુએ

મારૂં નામ લઈને મહારાજા સાહેબને કહો કે કૂતરી એમ નહીં મળે. કૂતરી લેવાનાં આ લખ્ખણ નથી. મારી બોર્ડિંગમાં પૂછયા વિના પેસી જાય, મારાં છોકરાંઓને ગાળો કાઢે, મારી માને ધમકાવે – એમ કૂતરી ન મળે. પોલીસ – ઉપરી માસ્તરનો સંદેશો કહે છે.

હેં, ગાળો કાઢે છે ? મારીને કાઢી મૂકો એ બધાને – સમજે છે શું ?' પોલીસ ઉપરી ખડખડાટ હસી પડે છે. એક ઘડી પછી શિકારીઓ બબડતા ફફડતા પાછા જાય છે. એ બોર્ડિંગ તે દક્ષિણામૂર્તિઃ મહારાજા તે ભાવસિંહજી, ને માસ્તર તે **નાનાભાઈ ભટ્ટ.**

**(આભાર : 'સંપર્ક', ચરિત્રકીર્તન પુસ્તકમાંથી. પ્રકાશક : સંસ્કાર સાહિત્યમંદિર)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એકસપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

**આવતા અંકનું ચાલુ....**

## અમરેલા જીલ્લા પુસ્તકાલય એક આદર્શ પુસ્તકાલય

.....વખત જતા આ મકાન નાનુ પડવાથી લોકોએ રૂ.૫૦૦/–ની રકમ એકઠી કરી અને તે દરમ્યાન શ્રીમંત સ્વારી અમરેલી પધારતા તેઓશ્રીએ કૃપાવંત થઈ રૂ.૪૦૦/– આપ્યા એટલે સને ૧૮૮૭માં મકાનમાં વધારો કરવામાં આવ્યો. પુસ્તકાલય ખાતુ સ્થાપન થયા પછી તા.૧–૮–૧૯૧૪ થી વાંકર લાયબ્રેરીએ સરકારી મદદ સ્વિકાર વાનુ શરૂ કર્યુ એટલે સરકાર તથા પંચાયત મદદનાં ૧૦,૦૦૦ રૂા. મેળવી તેમાં લોકો તરફનાં ૫૦૦૦ તથા જમીનના વળતર વગેરેના રૂા.૧૯૮૧ તથા અન્ય ખર્ચ મળી રૂા.૮૦૦૦ ઉમેરી કુલ રૂા.૧૮,૦૦૦માં ભવ્ય મકાન બંધાવી તા.૨૪–૪–૧૯૧૭ના રોજ શ્રીમંત રાજકુમાર જયસિંહરાવ ગાયકવાડના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતુ.પ્રથમ લવાજમ ભરનારને જ લાભ મળતો હતો,પરંતુ સને ૧૯૧૪ પછી હરકોઈ નાગરીકોને મફત લાભ આપવાનુ શરૂ થર્યુ.ગુજરાતી,અંગ્રેજીઅને હિંદી ભાષાના પુસ્તકોનો સંગ્રહ લાયબ્રેરીમાં હતો.દરેક ભાષાના ઉચ્ચ પ્રતિભા ધરાવતા સાહિત્ય સંસ્કાર સ્વામીઓના સર્જનથી આ લાયબ્રેરી સમુદ્ધ હતી.શિક્ષણ ખાતા ટ્રેંડ થયેલા સારા વિદ્વાન શિક્ષકો આવતા હતા.બાળકોને સારૂ અને ઉચ્ચ શિક્ષણ આપવામાં તેઓ ખુબ ઉડો રસ લેતા હતા.અનેસમાજમાં પણ તેમનું સ્થાન માન ભર્યુ રહેતુ હતું.અમરેલીની લાયબ્રેરી નું સંચાલન શરૂઆતમાં આવા શિક્ષકોથી ચાલતુ હતું.સ્વ.મોતીભાઈ અમીન વડોદરા રાજયનાં પુસ્તકાલય પ્રવૃતિનાં પ્રેરણામુર્તિ હતા.વડોદરા રાજયનુ નાનામાં નાનું ગામડું પુસ્તકાલય વિનાનું હોય નહિં તેમનુ જીવન ધ્યેય હતુ.સનુ ૧૯૨૦–૨૨ના અરસામાં શ્રી પ્રતાપરાય ગીરધરલાલ મહેતા અભ્યાસમાંથી નિવૃત થઈને પોતાના પૈતૃક વ્યવસાયમાં જોડાયા હતા.પણ લાયબ્રેરી જેવી સંસ્થા તરફ તેમની અભિરૂચિ અનોખી હતી.તેમણે એ સંસ્થાનાં વહિવટમાં દાખલ થઈને તેને ઘણા જ બૌદ્ધિક સ્તર ઉપર મુકી દીધી હતી.તેમનામાં પોતાનાં પ્રતિષ્ઠિત કુટુંબના ઘણા જ ઉચ્ચ સંસ્કાર હતા.એટલે તેમની કુશાંગ બુદ્ધિથી દરેક ક્ષેત્રમાં તેઓ આગવુ સ્થાન પ્રાપ્ત કરી શકયા ન હતા.સ્વ.મોતીભાઈ અમીને તેમનુ હિર પારખીને વડોદરા રાજયના પુસ્તકાલયનાં પ્રણેતા તરીકે તેમને 'રાજરત્ન'ના ઈકબાલથી નવાજયા હતા.તેમણે અમરેલીની સામાજીક વ્યાપારિક અને રાજકિય પ્રવૃતિમાં રસ લઈને દરેક ક્ષેત્રને ઉજજવળ બનાવ્યુ હતું.શ્રી રામજીભાઈ હંસરાજભાઈ કામાણી તેમને જયપુર ખેંચી ગયાં હતા.ત્યાં તેમને જવાહરલાલ અને રાજેન્દ્રપ્રસાદ વગેરે અનેક દેશ નેતાઓને જયપુર તરફ આકર્ષીને પોતાની બુદ્ધિપ્રતિમાંનું અને સંશોધન શાસ્ત્રનું દર્શન કરાવ્યું હતુ પણ તેઓ અમરેલી લાયબ્રેરી ને ભુલી શકયા નહોતા.અમરેલી નું મ્યુઝિયમ એ તેમનું સાકાર સ્વરૂપ છે.એમનાં જયપુર ગયા પછી શ્રી મોહનલાલ વિરજીભાઈએ લાયબ્રેરી નો વહિવટ સંભાળીને તેને યથાવત રાખવામાં સારો ભાગ ભજવ્યો છે.પછી આ લાયબ્રેરી નો વહિવટ સરકારે સંભાળી લીધો છે.સમયનાંચડતી–પડતીના દર્શન લાયબ્રેરીને થયા છે.પણ એ બધા ઊધામામાં એ યથાવત ઊભી રહી છે અને અત્યારેપ્રો. વસંતભાઈ પરીખના માર્ગદર્શન નીચે એ વૃક્ષ મોટો વડલો બની ગયુંછે.

## ભાતીગળ સૌરાષ્ટ્ર


## બાળકોની પારિવારિક સ્પર્ધા




**– ગિજુભાઈ ભરાડ**

પરીવારમાં ઉછરતા બાળકો વચ્ચે આંતરિક સ્પર્ધા પણ હોય છે અને જો એ તંદુરસ્ત હોય તો દરેક સ્પર્ધકને વિકાસમાં ઉપકારક નીવડે છે. પોતાના સગા ભાઈ–બહેન ઉપરાંત કાકા–દાદા અને મામા–ફઈના બાળકો ઝડપથી સ્પર્ધા નોતરી બેસે છે. આવી સ્પર્ધાઓમાં આગળ જતાં,માતા–પીતા દુર્લક્ષ સેવે તો, ઈર્ષા વૃતિ પણ ભળે છે અને અન્યને નુકસાન કરવાની પ્રવૃતિના માર્ગે પણ તેઓ ચડી જાય છે. માત્ર પોતાના વિકાસ અને વ્યતિત્વની ગરીમા વધારતા રહેવાની આવડતનો બાળકને આ સમયે પરિચય કરાવવાની જરૂર હોય છે. આભના ઊંચા વાદળ જોઈને કોઈની તરસ છીપતી નથી. વાસ્તવિક રીતે જળ હોઠ સુધી પહોંચવુ જોઈએ. એ ન્યાયે બાળકને જેનો બીજામાં ભાવ અને પોતાનામાં અભાવ લાગે છે તેની પરિપૂર્તિના માર્ગો તેની સાથે રહીને બતાવવા જોઈએ.

**બાલમિત્રો,**



આજ તમને તથા તમારા વડીલોને એક સરસ માહિતી આપવાની છે. આ વાત બાળકો માટે બાળમિત્રો, છેલ્લા વર્ષથી ગુજરાતમાં 'બાળસાહિત્ય અકાદમી' ચાલે છે. એનું મુખ્ય સ્થળ છે. અમદવાદ, અનાં પ્રમુખ છે. શ્રી યશવંતભાઈ મહેતા તેઓ બાળકો માટે જ કામ કરે છે. એમતો ૪૦૦ થી પણ વધુ બાળકો પણંવિજ્ઞાનનાં પુસ્તિકો લખ્યા છે. એક સારા વાર્તાકાર, પત્રકાર, સંપાદક છે. પહેલા તેઓ ''બાલ આનંદ'' માસિકમાં સંપાદક હતા. તેઓ 'નવચેતન' માં સંપાદક છે. ખુબ સારાં સંપાદક છે.

તમને જીવનને નવાઈ લાગશે કે હું એટલે કે શ્રી રવજીભાઈ (કાચા સાહેબ)એ પણ બાલવાર્તાનું શિક્ષણ અને ભાથું તેમની પસેથી મેળવેલી છે. ગુજરાતના મોટા ભાગના બાળ સાહિત્યકારોનાં તેઓ ગુરૂ તથા માર્ગદર્શક રહયાં છે.દર ફેબ્રુઆરીમાં આ બાળ સાહિત્ય અકાદમીનું અધિવેશન અમદાવાદમાં ભરાય છે. આ બાલ એકસપ્રેસ તેમે વાત વાંચતા હશો ત્યારે અધિવેશન શરૂ થઈ રયું હશે. રવજીભાઈ કાચા પણ જવાના છે. હો : શ્રી યશવંતભાઈ મહેતા, મળવા જેવા માણસ છે. આપની રૂપાયતનમાં બે વખત આવી ગયા છે. ભવિષ્યમાં ફરી કોઈ વખત તેડાવીશું બસ આટલું અમે પુરતુ છે.

## ગોળો (લેખક : મયૂર ખાવડુ)

ઢાંકણું ખોલ્યું, ત્યારે ખબર પડી કે છેલ્લા કેટલાય સમયથી અંધકાર, વંદા અને ઝીણી મચ્છીઓને પોતાના સૂકાભટ ઉદરમાં સંગ્રહીને પડેલું ઘરનું માટલું તેના આગમન સમયનો ચળકાટ ગુમાવી ચુકયું છે. એની આસપાસની પોપડીઓ ઉખડી ગઈ છે. કલાકારની કલાત્મકતાનો છેદ ઉડી ગયો છે. જે અજાણી ઉર્વરામાંથી જન્મ્યું ત્યાંની શીતક ગંધ તેના મોઢામાંથી આવી રહી છે. કોરા માટલાની અંદરના બ્રહ્માંડમાં કાળું ટપકું દેખાયું અને સ્મરણ થયું દાદાજીની પીઠ પર માંકડ જેવા દેખાતા તલનું, જેને ખોતરી ખાવાની નખને તીવ્ર તૃષ્ણા હતી.

માટલાની આજુબાજુ હાથ ફેરવ્યા તો ઠંડીનો નર્યો કોઠો લાગતો હતો. ખબર નહીં કયારે, પણ એના કાઠલાને ફાંસી આપવી હોય એમ સફેદ રંગનો રૂમાલ મે જકડીને બાંધી દીધેલો. જેથી વંદા અને મચ્છઓની પ્રજાતિ ત્યાં પોતાનું આવાસ બનાવે. ને તોપણ ખોલ્યું ત્યારે ખબર નહી કયાંથી આ અગમ્ય બ્રહ્માંડમાં તેનો પ્રવેશ થઈ ગયો. કાંઠલાની આજુબાજુ જમણા હાથની ટચલી આંગળી ફેરવી તો કંકુની જેમ ધુળ ચોટી ગઈ. એ ધુળ કે વૃદ્ધાવસ્થાના કારણે શરીરનો ધીમે ધીમે ત્યાગ કરી રહેલી તેની ચામડી, એ સમજાયું નહી!?વોશબેસિનમાં નવજાત શિશુની જેમ બેસાડયું અને પાણીનો ફુવારો ચાલુ કર્યો. પ્રથમ વરસાદ જેવી માદક સુગંધ રસોડાનાં ખુણાઓમાં વધારની જેમ ફેલાઈ ચોંટવા લાગી અને ઘડીભરમાં અલોપ પણ થવા લાગી ! આ સોડમ ભાગી છુટે એ પુર્વે માટલાની અંદર જીભ ફેરવવાની એષણા ઉદીપ્ત થઈ ગઈ. ઉનાળાનું માવઠું ગઈ કાલે જ પુર્ણ થયું હતું. અમદાવાદના સાઉથ બોપલની માટી પર પડેલા ઝરમર વરસાદે એવી બીન બજાવેલી કે સુગંધ સાપની જેમ એકાએક બેઠી થઈ હતી અને ફોયણાને રાફડો સમજી ઘુસી ગયેલી.

થોડી ક્ષણો માટે માટલાનું કોતરકામ જોઈ કલાકારની ચિત્ર વિધા પર આંખો સલામીનાં ભાંખોડિયા ભરવા માંડી. એની ઉમરનું ગણિત માંડવા તર્જનીને વાંકી વાળી ઠપકારી. કાને એની ઉમરનું પારખું કર્યુ અને સંદેશ પહોંચાડયો કે હજુ આયખું પુરૂ થયું નથી. માટલાનું કામ પુરૂ કરીને હુ મારા ઓરડા ભણી ચાલ્યો. ત્યારેય હું એકલો તો નહોતો જ, એક ઓસાણ આંગળી પકડીને મારી ભેગું ભેગું ચાલતું હતુ.

નરસિંહ ટેકરીના અમારા બાપુજી ભાવતાલ મુદે ભારે જકકી. અંતે તો શિક્ષકજીવ એટલે કરકસર કરવાની પહેલાંથી ટેવ. બે ગોળા લેવામાં એ આખો જમાનો માથે લે ને પછી બે ગોળાઓની ગળચી ઝાલીને નરસિંહ ટેકરી સુધી ખેંચી લાવે. સુદઢ બાવડાને પાંખી કાયાનું આ જ દમામદાર રહસ્ય. રામદેવ પીરના મંદિરની બાજુમાં ઉભા ઉભા અમે જોતા હોઈએ ત્યારે બાપા તો

**સંપાદક : ભરત મહેતા** **પરબ** **ભાગ-:** **નિબંધ**

ઘરની ઓસરીમાં આવેલું પાણિયારૂ નિત્ય ઠંડુ ઠંડુ રહે. એની ઉપર પાડોશી તોલાબાપાની ફાંદ જેવા બે મસમોટા માટલા, માટલું નહી. ગોળો ! ચાલો એને ગોળા જ કહીએ. ત્યારે નાના માટલાઓનો જન્મ નહોતો થતો. બેફામ ઉનાળામાં કેરીની હરરાજી થતી હોય અને તુટેલા રસ્તાની બીજી બાજુ, બસ– સ્ટેન્ડની સામે, સારણની નજીકમાં, મસ્જિદના ખુણે, જોધપરા આસિફના બાગની સમીપ, મિલના મેદાનની એક ચોકકસ જગ્યાએ, નવજીવન સ્કુલના છેડા પાસે જયાં તાલાલાનો કેડો આવી જાય ત્યાં માટલાઓ કતારમાં મોઢુ ઉઘાડી તરસ્યા પડયાં હોય, એની અંદર આંખો પરોવું તો હર્યુભર્યુ રણ દેખાય. પાણીના બે છાંટા પડે ત્યાં એના પાતાળમાં ટીપુ ઓલવાઈ જાય, જાણે નીચે જગરૂ સળગાવીને રાખ્યું હોય ન સંભાળય એવો, પાણી પીવાનો પારેવા જેટલો નિક્ષિપ્ત ફફડાટ એની અંદર પુરાયો હોય. શિયાળાના આથમવાના દિવસો ઓરા આવતા જતા હોય અને ગધેડાઓ પીઠ પર માટીનો ભારો લઈ નીકળે. નરસિંહ ટેકરીમાં જયાં ત્યાં પડેલા ધુળના ઢેફાં એના પસાર થયાના સગડ બતાવતા હોય. બડીકો લઈ પાછળ દોડતાં અમ તોફાની બારકસો એ મુંગા જીવની ઠેકડી ઉડાવીએ. પણ ત્યારે ખબર નહી કે આ બિચાર ગંદર્ભોની માથે જ ગ્રીષ્મનો આખો ભાર નંખાયો છે એ ગધેડાઓ તો આજે મને એટલાસની સ્મૃતિ કરાવી જાય છે. જેણે એના ખભા ઉપર આખી પૃથ્વી ઉઠાવી લીધી હતી.

ગીરના સિંહે બકરીઓની બોચી પકડી હોય એવા લાગે અને પેલા રતાશ રંગના ગોળા તો જાણે અજાણ્યા જાનવરનું લોહિ યાળ શરીર.

બાનો હાથ સ્થુળકાય. આંગળીના ટેરવાથી ગોળાઓની એવી રીતે તપાસ આદરે જયારે સાસુ દીકરા માટે પુત્રવધુ ખોળતી હોય. મંદિરની બાજુમાં જ ગોળાની ધોલધપાટ શરૂ થાય. ડંકીએથી સીંચીને લાવેલા પાણીથી એનો ભુખ્યો કોઠો ભરાય. ગોળો ઉંચો – નીચો થાય. ફળિયામાં ગોળગોળ ફરે, જાણે પૃથ્વીમાં ભૂકંપ આવ્યો હોય એવો લાગે ! પાણી નથી ઝરતું ને ? એનું બારીક ચક્ષુઓથી પારખું લેવાતું જાય. બાનો ભર્યોભાદયો, બરછટ, પાડાનું બરડ માંસ ચીરેલો અને તાજી પડેલી કરચલીવાળો હાથ એના પેટમાં ઘુસે ત્યારે નકકી ગોળાને પાંચ ફેણવાળો સાપ જયાં ત્યાં ડંખતો હોય એવી તીખી વેદના થતી હશે. બાનો હાથ વલોણું લેતો હોય એવો લાગે. સોની બજારેથી લીધેલો ને કોણીએથી લસરીને કાંડે અડુંઅડું થવા આવેલો પાટલો ઠણકઠણક વાગતો હોય ત્યારે બેસુરા સંગીતથી ગોળાને કરમની કઠણાઈ બેઠી હોવાનો ભાસ થાય. કામ પુરૂ થાય ને પાણી ઢોળાય ત્યારે એની અંદરનું કસ્તર ઉલટી કરતું બહાર નીકળે અને નરસિંહ ટેકરીના બકરીને સાંઢિયાની લીંડી જેવડા કાળમીંઢ પથ્થરોને ટાઢા કરતું જાય. **(ક્રમશઃ)**

## મહેનતનો રોટલો મીઠો

એક નગરમાં ધનજી શેઠ રહેતા હતા. શેઠ ખુબ જ ધનવાન હતા તેમને બે છોકરા હતા. એકનું નામ માધવ અને બીજાનું નામ મનિષ.

માધવ ખુબ જ સમજદાર હતો. તે પોતાનાં પિતાને ધંધામાં મદદ કરતો હતો.જયારે મનીષ એશોઆરામની જિંદગી જીવતો હતો. તે કોઈ કામધંધો કરતો ન હતો.આખો દિવસ ઘરે ટીવી જોયા કરે અને રાત્રે મિત્રો સાથે પાર્ટી કર્યા કરે. તે પાણીની જેમ પૈસા વેડફતો. મનીષ સવારે મોડો ઉઠે, અને બપોરે પણ સુઈ જાય. અઠવાડિયામાં ત્રણ ચાર વાર તો તેને રાત્રે પાર્ટી હોય જ ! પાર્ટીમાં ભજિયાં હોય અથવા જંક ફુડ હોય. પૈસે–ટકે સુખી હોવાથી તેના મિત્રો તેનો ગેરલાભ ઉઠાવતા. તેના પૈસે જ બધા મિત્રો મોજમજા કરતા. એક દિવસ અચાનક શેઠનું મૃત્યુંથયું. માધવે તો પેઢી સંભાળી લીધી અને મનીષને કામમાં મદદ કરવા કહયું. એક બે દિવસ મનિષ પેઢીએ ગયો. પરંતુ કામ કરવામાં કંટાળો આવતાં પછી તે પેઢીએ ગયો જ



નહિ.માધવે જયારે તેને ટોકયો તો કહે. 'મને મારા ભાગનાં પૈસા આપી દે. હું મહેનત ન કરૂ તો પણ પૈસા ખુટશે નહી.''મનીષની વાત સાંભળી માધવ કહે, 'બેઠા બેટા તો રાજાનો ભંડાર પણ ખુટી જાય છે તો આપણી શી વિસાત છે.''''ના, ના મારે મહેનત નથી કરવી. આરામની જિંદગી જીવવી છે. હું મારા ભાગનાં પૈસાનું ગમે તે કરૂં. તારે કઈ બોલવાનું નથી. બસ, મને મારા ભાગનાં પૈસા આપી દે.'' કડકાઈથી મનીષ બોલ્યો.''હું તારા ભાગનાં પૈસા રાખવા પણ ઈચ્છતો નથી. પણ તું મહેનત કરે તો તને આર્થિક રીતે ફાયદો થાય અને શરીર પણ સારૂ રહે. દરરોજ તું પાટી કરે છે તેથી તારૂં શરીર પણ કેવું બેડોળ થઈ ગયુંછે. ! પૈસા પણ ખોટી રીતે જાય છે.'' માધવ બોલ્યો.મનીષ તો પોતાનાં ભાગનાં પૈસા લઈને મોજશોખમાં વાપરવા લાગ્યો. દરરોજ બપોરે તે ફાસ્ટફુડ કે જંકફુડ ખાવા લાગ્યો. રાત્રે પાર્ટી તો ખરી જ. આવું દરરોજ ખાવાથી તેનું શરીર ખુબ જ ફુલી ગયું. શરીર પર ચરબીનાં થર પર થર જામવા લાગ્યા. પાછી મહેનત તો કંઈ કરવાની નહી.એકાદ વર્ષ આમ ને આમ ચાલ્યું. ત્યાં એક રાત્રે મનીષને




છાતીમાં ખુબ જ દુઃખાવો થવા લાગ્યો. માધવ તેને તરત મોટા દવાખાને શહેરમાં લઈ ગયો. ડોકટરે તપાસી કહયું કે, મહેનત નહી કરવાથી અને વધારે પડતું જંકફુડ વગેરે ખાવાથી તેને હાર્ટએટેક આવ્યો છે.હાર્ટએટેક આવવાથી મનિષ ખુબ જ ડરી ગયો. ડોકટરે અને માધવે તેને સમજાવતાં કહયું કે શરીર માટે મહેનત ખુબ જ જરૂરી છે, અને બહારનું ઓછામાં ઓછું ખાવું જોઈએ. મારી પાસે પણ તારા જેટલા જ પૈસા છે છતાં પણ હું મહેનત કરૂં છું. આખા દિવસમાં પેઢી પર મારે કેટલી વખત ઉઠબેઠ કરવી પડે છે. તે તને કયાં નથી ખબર ? તું હવે આળસ ત્યજી આપણી પેઢીએ આવતો જાય. અને મહેનત કર. બહારનું ખાવાનું પણ હળવે હળવે સાવ બંધ કરી દે. જો પછી તારી જિંદગી કેવી સુખરૂપ બનશે. મનિષને હવે બધી વાત શીરાની જેમ ગળે ઉતરી ગઈ. બીજા દિવસથી તે માધવ સાથે પેઢીએ જવા લાગ્યો.આળસ ત્યજી તે પેઢીમાં શારીરીક શ્રમ પણ કરવા માંડયો. જંકફુડ પર પણ તેને કાબુ મેળવી લીધો. હવે તેને મહેનતનો રોટલો ખુબ જ મીઠો લાગવા માંડયો.

## ૦૫ – માસ્ટર સૂર્યસેન

**જન્મ : ૨૨ માર્ચ, ૧૮૯૪**
**વીરગતિ : ૧૨ જાન્યુઆરી, ૧૯૩૪**

'કરો યા મરો નહીં, કરો અને મરો.' આ સૂત્રના રચયિતા માસ્ટર સૂર્યસેનનો જન્મ બંગાળના ચિત્તાગોંગના રાઓઝાન (હાલ બાંગ્લાદેશ)માં ૨૨ માર્ચ, ૧૮૯૪ના રોજ થયો હતો. તેમણે નેશનલ હાઈસ્કૂલમાંથી શિક્ષકની નોકરી છોડીને વિદ્યાર્થીઓને પુસ્તકિયું જ્ઞાન આપવાને બદલે શસ્ત્રોનું જ્ઞાન આપીને ક્રાંતિકારીઓ બનાવવાનું પસંદ કર્યુ. દક્ષિણેશ્વરમાં બોમ્બ બનાવવાનું કારખાનું પણ શરૂ કર્યુ. સમય જતાં પોલીસને તેની ગંધ આવી ગઈ. છાપો મારવામાં આવ્યો ત્યારે કેટલાય ક્રાંતિકારીઓ પકડાઈ ગયા. માસ્ટરદા પોલીસને હાથ ન આવ્યા. ૧૯૨૮માં કલકત્તા ખાતે કોંગ્રેસનું અધિવેશન મળ્યું ત્યારે સુભાષચંદ્ર બોઝની આગેવાની હેઠળ સાત હજાર સૈનિકોનું સરઘસ નીકળ્યું. તેમાં માસ્ટરદા પણ હતા. તેમાંથી પ્રેરણા લઈને તેમણે ઈન્ડિયન રિપબ્લિકન આર્મીની સ્થાપના કરી. જોતજોતામાં તેના સભ્યોની સંખ્યા પાંચસોથી વધી ગઈ. સેનાના આદર્શ હતા– સંગઠન, સાહસ અને બલિદાન. ૧૮ એપ્રિલ, ૧૯૩૦ના રોજ તેમણે અંગ્રેજ સરકાર સામે ઘોષણા કરી કે, 'હું સૂર્યસેન ભારતીય સ્વાતંત્ર્ય સેનાની–ચટગાંવથી જાહેર કરું છું કે હવે અહીં યુનિયનજેકને બદલે



સ્વતંત્રતાનો ધ્વજ ફરકશે. વંદેમાતરમ્ અમારું રાષ્ટ્રગીત રહેશે.' આ સાથે જ તેમની ક્રાંતિકારી સેનાએ ચટગાંવના પહાડી વિસ્તારમાં આવેલા શસ્ત્રાગાર પર હુમલો કર્યો. ભીષણ સંગ્રામ ખેલાયો. ૧૨ ક્રાંતિકારીઓ સામે ૮૩ પોલીસના લોકો મરાયા. શસ્ત્રાગાર લૂંટીને સૌ નાઠા. માસ્ટરદાને શોધવા પોલીસે પોતાની સઘળી તાકાત કામે લગાડી. એક દિવસ પ્રીતિલતા વાડેદારને ત્યાં માસ્ટરદા પોલીસથી ઘેરાયા. સામસામો ગોળીબાર થયો. ક્રાંતિકારીઓ અપૂર્વ સેન અને નિર્મલ સેન મરાયા. માસ્ટરદા અને પ્રીતિલતા નાસી છૂટવામાં સફળ રહ્યાં. ક્રાંતિકારીઓના મોતનો બદલો લેવા થોડા દિવસ પછી પ્રીતિલતાએ યુરોપિયન કલબ પર બોમ્બમારો કર્યો. તેની પાછળ પ્રેરણા માસ્ટરદાની હતી. ૧૬ ફેબ્રુઆરી, ૧૯૩૨ના રોજ માસ્ટરદા ગોઈરાલા ગામે ક્રાંતિકારીઓની ખબર પૂછવા ગયા. ત્યાંના ગદ્દાર જમીનદારે પોલીસ થાણે જાણ કરી દેતાં ક્રાંતિકારીઓનું મકાન પોલીસથી ઘેરાઈ ગયું. માસ્ટરદા આ વખતે છટકી ન શકયા. ધરપકડ કરીને તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. ચુકાદાની એમને ખબર જ હતી કે તે અંગ્રેજો તરફી જ આવવાનો છે. એમ જ થયું. તેમને ફાંસીની સજા થઈ. ફાંસીના માંચડે ૧ લઈ જવાતી વખતે તેમણે વંદેમાતરમના જયઘોષથી જેલ ગજવી મૂકી. ઢોર મારમારવામાં આવ્યો તોયે એમણે જયઘોષ બંધ ન કર્યો. અંતે ૧૨ જાન્યુઆરી, ૧૯૩૪ના રોજ તેમને ફાંસી અપાઈ. ફાંસી અપાયા પછી એમનું શબ ન તો એમનાં સ્વજનોને આપવામાં આવ્યું કે ન તો તેના જેલમાં અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા. બ્રિટિશ જહાજમાં લઈ જઈને તેને ખાડીના સમુદ્રમાં ફેંકી દેવામાં આવ્યું. અને



## જ્ઞાન

દીપોત્સવી અંક

# નવચેતન

આપણા વરિષ્ઠ સાહિત્યકાર જોસેફ મેકવાને એક સભામાં અર્થસભર દૃષ્ટાંતકથા સંભળાવેલી.

કોઈ માણસ કૂવામાં પડી ગયો અને પોતાને બચાવવા માટે બૂમો મારવા લાગ્યો. આ બૂમ સાંભળીને કોઈ વેદાંતી કૂવા કાંઠે પહોંચ્યા. અંદર પડેલા માણસે બચાવી લેવા આજીજી કરી ત્યારે વેદાંતીએ તેને સમજાવ્યું કે કૂવો અને પતન તે સાપેક્ષ છે. તું જે સ્થિતિમાં છે તે યથાર્થ જ્ઞાનદષ્ટિએ જોશે તો તને સમજાશે કે અંદરબહાર આ બધા મિથ્યા ભ્રમ છે. બ્રહ્મ તો સર્વવ્યાપી છે અને જેટલો બહાર છે તેટલો જ કૂવામાં પણ છે.

આવી ચડેલા જૈનાચાર્યે તો ઊલટા અંદર પડેલા માણસને વલોપાત કરવા માટે ઠપકો આપ્યો. જે કંઈ થાય છે તે કર્મનું ફળ છે. કૂવામાં પડયો તેવું તારૂં કર્મફળ તારે ભોગવી લેવું જોઈએ, કે જેથી કર્મક્ષય થાય અને તું મોક્ષમાર્ગે વિચરી શકે. ત્યાં આવેલા સમાજ સેવકે વળી બીજી જ વાત ચલાવી.

આ કૂવા ફરતે કઠેડો બાંધવાની પોતાની જવાબદારી ગ્રામપંચાયતે બજાવી નથી. તેથી આપણે પંચાયત સામે ઝુંબેશ ચલાવવી પડશે અને આ માણસની શહાદતને વધાવી લઈને બીજા માણસો માટે જરૂરી સંરક્ષણ વ્યવસ્થા ઊભી કરવી પડશે.

આ બધું કમઠાણ ચાલતું હતું ત્યારે ત્યાં આવી ચડેલા બેચાર ભલા, ભોળા, સામાન્ય માણસોએ કહ્યું કે બિચારો અંદર પડીગયો છે.તેમણે દોરડું આણીને અંદર નાખ્યું અને ધીમે ધીમે ઉપર ખેંચીને તેને બચાવી લીધો. અધોળ જેટલું આચરણ હજારો મણ તવચર્ચા કરતાં જીવનમાં અનેકગણું વધારે ઉપયોગી થઈ પડે છે. કરીએ એટલે તે મોટાં બને છે. જે લોકોનું તમારે મન મૂલ્ય હોય તેમની સાથે તમારો પ્રેમસંબંધ દઢ કરવા માટે તમે આજે યાં નાનાં કામ કરશો ? દિવસ સારો જાય એ માટે સતત મથામણ કરતી વ્યક્તિને મદદરૂપ થવા દયા અને સહાનુભૂતિ દર્શાવતું કયું કામ આજે તમે કરશો? કોઈને કંઈક આપવાથી આપણને મનથી સારૂ લાગે છે – આ છે સહાનુભૂતિ દર્શાવવાની કમાલ ! વધારે પ્રેમાળ બનવાની પ્રેકિટસ કરવી હોય તો પ્રેમનું ખાતું ખોલો. આ વિશિષ્ટ અનામત ખાતું છે. તેમાં દરરોજ થોડી ડિપોઝિટ ભરતા રહો. નાનું એવું સારૂં કામ કરીને તમારી આસપાસની વ્યક્તિના જીવનમાં ખુશીનો ઉમેરો કરો. કોઈ ખાસ પ્રસંગ ન હોય તો પણ સહયોગી, ભાગીદાર કે મિત્ર માટે તાજાં ફૂલ ખરીદીને લાવો અને તેને આપો. તમારૂં કોઈ મનગમતું પુસ્તક તમારા પરમ પ્રિય મિત્રને વાંચવા મોકલો. બાળકો માટે તમને ખૂબ લાગણી છે એ તમારા વર્તન દ્વારા દર્શાવો અથવા તેની સ્પષ્ટ રજૂઆત કરો. જીવનમાં હું એક વસ્તુ શીખ્યો છું કે નાનાં નાનાં કામ હકીકતમાં મોટાં હોય છે. તેથી દરરોજ નાની નાની રકમ જેમ જેમ પ્રેમના ખાતામાં જમા કરતા જશો તેમ તેમ તમને જે ખુશી મળ શે તે બેંકના ખાતાની મસમોટી રકમ કરતાં અનંતગણી વધારે હશે. એમર્સને એમની બળકટ ભાષામાં પાણીદાર શબ્દો કહ્યા છે, સમૃદ્ધ હૃદય વિનાનો સમૃદ્ધ માણસ કદરૂપા ભિખારી જેવો છે.'ટોલ્સટોયે લખ્યું છે, ' કરોળિયાની જેમ ચોતરફ પ્રેમની સ્નિગ્ધ જાળ ફેલાવો. એ જાળમાં જે આવશે તે પ્રેમની રસાળતામાં ઝડપાઈને પ્રેમમાં તરબતર થઈ જશે. આ છે સુખ પ્રાપ્તિની સાચી રીત.' – **રોબિન શર્મા (સ્રોત : ' અચલા')**

**– નગીનદાસ સંઘવી (સ્રોત : 'માનવ')**

## અજબ શિક્ષક

એક વખત એવું બન્યું, એક શિક્ષકને ભાવનગરના કલેકટરનો ફોન આવ્યો અને પૂછ્યું કે, 'રાજય સરકાર તરફથી તમને ચેક મળ્યા અને તે ચેક વટાવ્યા નથી ?

શિક્ષકનો જવાબ હતો :'મેં સરકારને ના કહેલી કે મારે પૈસા જોઈતા નથી, હું તો એક શિક્ષકની ફરજ માનીને આ પાઠય પુસ્તકો લખવાનું કામ કરૂં છું ! તો પણ તેઓ ચેક મોકલતા એટલે હું ચેક પર મોટા અક્ષરે 'થેંક યુ' લખીને મૂકી દઉં.

કલેકટર કહે,'એવા કેટલા રૂપિયાના ચેકહતા અને કેટલા ચેક છે ? અત્યારે એ બધા ચેક તમારી પાસે પડયા છે? ' શિક્ષક કહે,'સાત–આઠ લાખ રૂપિયાના ચેક હશે અને ચેક ખાનામાં પડ્યા છે.'કલેકટર કહે, 'તમે એ ચેક મને આપશો ? સરકારને એ ચેક મોકલવા પડશે, કારણ કે વિધાનસભામાં સવાલ પૂછાયો છે !

## પચીસ કરોડની કીટલી !

દુનિયામાં રોગ ઘણા છે. એમાં ધન મેળવવાની ઘેલછા તથા ધનનો દેખાડો કરવાની ઘેલછા પણ રોગ છે. ધનનો દેખાડો કરવાની ઘેલછામાંથી મોટા મહેલો, મોટાં દેવસ્થાનો, ઢ ગલાબંધ અલંકારો, મોંઘા વાહનો... બધું ઘણું પેદા થાય છે. પરંતુ ચાની કીટલી જેવી વસ્તુ પણ આ ઘેલછાનું પાત્ર બને ત્યારે નવાઈ લાગે. પણ આ તસવીરમાં દેખાતી કીટલી ત્રીસ લાખ ડોલર એટલે લગભગ ૨૫ કરોડ રૂપિયાની છે ! સોનાની કીટલી પર હીરા ટાંકેલા છે. આ કીટલી બ્રિટનમાં બનેલી છે. નોંધપાત્ર વાત એ છે કે કીટલી યુ.એન. સેઠિયા ફાઉન્ડેશન નામની સંસ્થાની માલિકીની છે !


**(સ્રોત : 'ગુજરાત સમાચાર')**

## આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



બાળક એટલે બાળક એટલે બાળક : જય હો

## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧– ઈશ્વર માટે કંઈક ત્યાગ કરો.

૨– ભગવાન કસોટી કરીને અપનાવે છે.

૩– ભાગવતની કથા સાંભળવાથી શ્રધ્ધા દઢ થાય છે.

૪– એક ક્ષણ પણ ભગવાનથી વિભકત ન થાય એ ભકત.

૫– સંસારનાં સુખો ભોગવવાની લાલસા હોય ત્યાં સુધી માનવું કે હું સુતેલો છું.

૬– ધ્યાનમાં પ્રથમ શરીરને સ્થિર કરો, પછી આંખને મનને સ્થિર કરો.

૭– ધ્યાન કરનારને પવિત્ર અને એકાંત સ્થાનમાં ધ્યાન કરવા બેસવું. એક આસને બેસવું.

૮– જેનું પેટ ભારે થાય તે બ્રહ્મચય્ર પાળી શકતો નથી. ધ્યાન કરવું છે તેણે બ્રહ્મચર્ય પાળવું જોઈએ. શરીરથી બ્રહ્મચર્ય ઘણા પાળે છે, પણ મનથી નથી પાળતા. મનથી બ્રહ્મચર્યનો ભંગ શરીરથી બ્રહ્મચર્યનો ભંગ કર્યા સમાન જ છે. એક દિવસ બ્રહ્મચર્યનો ભંગ થાય છે તો ચાળીસ દિવસ સુધી મન સ્થિર થતું નથી.

૯– ધ્યાન વગર ઈશ્વરનો અનુભવ થતો નથી.

૧૦– મને જે સ્વરૂપ ગમે તેનું ધ્યાન કરો.

## જ્ઞાનમંજરી

### ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) થિયોસોફીકલ સોસાયટીની સ્થાપના કોણે કરી હતી? – શ્રી મતિ એની બેસન્ટ

(૨) સૌપ્રથમ ઓસ્કાર એવોડ જીતનાર ભારતીય કોણ હતા ? – ભાનુ અથૈયા

(૩) રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કોને કરી હતી? – ડો.કેશસબ.હેડગેવાર

(૪) માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ભારતીય કોણ હતા? – શેરપા તેનસિંગ

(૫) આર્યસમાજના સ્થાપક કોણ હતા? – દયાનંદ સરસ્વતી

(૬) શાર્તિનીકેતનના સ્થાપક કોણ હતા? – રવીન્દ્રનાથ ટાગોર

(૭) હિન્દું મહાસભાના સ્થાપક કોણ હતા? – વીર સાવરકર

(૮) આરઝી હકુમતના સ્થાપક કોણ હતા? – શામળ દાસ ગાંધી

(૯) વનસ્પતીમાં સંવેદના છે તેમ કયાં વૈજ્ઞાનિકે સાબિત કર્યુ હતું? – ડો. જગદીશચંદ્ર બોઝ

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### મીલે સૂરા મેરા તુમ્હારા...

એક જ જમીનમાંથી શેરડી મીઠો રસ,લીમડો કડવો રસ, આમલી ખાટો રસ, મરચં તીખો રસ ગ્રહણ કરે છે.

સમાજની ભૂમી પર પણ માણહે માણહે ફેર જોવા મળે છે... છતાં 'ગોઠવાઈ' જવું પડે છે. દરિયા કાઠાંની નાળિયેરી ભૂમિની ખારાશને ૫૦ ફૂટ ઊંચે લાવી મીઠપમાં ફેરવીને એરટાઈટ પેકીંગમાં આપે છે તે ઘટનાને કેવી કહેવી?

## હસવાની મનાઈ છે

### ટમટમ પુસ્તકમાંથી

(૧) ડોકટર : લાવો, તમારી નાડી તપાસી લઉ.
દર્દી : સાહેબ, મારે લેંઘો નવો છે... એટલે એની નાડી પણ સાવ નવીનકોર જ છે, એમાં કંઈ તપાસવાની જરૂર નથી.
**– વિષ્ણુ જોષી, રાજકોટ.**

(૨) ચિન્ટુ : મિન્ટુ, તું ઝાડની ટોચ પર બે.સીને શા માટે વાંચે છે.
મિન્ટુ : એટલા માટે કે હું 'હાયર સ્ટડી' કરૂ છું.
**– કંગના વેકરીયા, જાફરાબાદ**

(૩) એક ભાઈ : ભાઈ, તમે શા માટે દરવાજો ખુલ્લો રાખીને જમો છો ?
બીજા ભાઈ : એટલા માટે કે કોઈ મને આ દરવાજાના કાણામાંથી જમતા જોઈ ન જાય.
**– મનસ્વી ગોસાઈ, જસદણ.**

(૪) પ્રિયા : મમ્મી, મમ્મી ! તારા કાળા વાળમાં બે–ચાર વાળ સફેદ કેમ છે ?
મમ્મી : જેના બાળકો જેટલું તોફાન કરે એટલા એના વાળ ધોળા.
પ્રિયા : હં.હવે મને ખબર પડી કે દાદીનાં બધાજ વાળ ધોળા કેમ છે!

## આગમાં સપડાયા હોય ત્યારે

ઘણા માણસો એમ કહેતા હોય છે કે મારામાં અમુક અમુક દુર્ગુણ છે એ હું જાણું છું, પણ ધીમે ધીમે હું એમાંથી બહાર નીકળી જઈશ. માણસ આવું કહીને કેવડી મોટી આત્મવંચના કરે છે, એની એને ખબર નથી.

કોઈ માણસ શું આગમાં સપડાયો હોય કે કુવામાં પડયો હોય, તો તે એમ વિચારે કે હું આમાંથી ધીમે ધીમે કરીને નીકળી જઈશ ? એ એમ કહે તો એનો અર્થ એટલો જ થાય કે, તેને કેવું જોખમ છે, તેનો ખ્યાલ નથી.

**દુઃખ વિનાની જિંદગી જીવવાની રીત**

**– સંત મીખીલ નેઈમી**


(૧) જાણે તમારા દરેકે દરેક વિચાર આકાશના તેજસ્વી પટ પર સ્પષ્ટ રીતે અંકિત હોય અને પૃથ્વીની દરેક ચીજ તેમ જ વ્યકિત આ બધું સ્પષ્ટ જોઈ શકે છે એ યાદ રાખીને જ વિચાર કરજો – હકીકતે આ વાત સાચી છે.

(૨) જાણે આખી દુનિયાના કાન એક જ હોય અને તમે બોલો છો તે દરેક દરેક શબ્દ દરેક વ્યકિતને સંભળાય છે. એમ જાણીને જ શબ્દો બોલજો – હકીકતે આ વાત સાચી છે.

(૩) તમે કરો છો તે દરેક કામનો પ્રત્યાઘાત તમારા માથા પર થવાનો જ છે એ સમજીને જ એ કામ કરોજો હકીકતે આ વાત સાચી છે.

(૪) જાણે સત્યસંકલ્પ કરો છો તે રીતે જ બરોબર સંકલ્પ કરજો– હકીકતે આ વાત સાચી છે.

(૫) ભગવાનને પોતાનું કામ કરવા માટે તમારી જ જરૂર છે એવું સમજીને જ જીવો – હકીકતે એને આવી જરૂર છે જ.




: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

## સફાઈ કામ પક્ષી : ગીધ

બાળ દોસ્તો ! આપણે ઘણાં સમયથી વિવિધ પક્ષીઓની પ્રાથમિક માહિતી મેળવી રહ્યાં છીએ. આશા છે કે, આપ સહુને આ માહિતી વાંચવાની મજા પડતી હશે. આજે આપણે જે પક્ષી વિશે વાત કરવાના છીએ એ પક્ષીનું નામ ગીધ છે.અંગ્રેજી ભાષામાં આ પક્ષીને વલ્ચર કહેવાય છે. આ પક્ષીનું કદ વિશાળ હોય છે. આ પક્ષી ઉચા ઝાડ પર પોતાનું રહેઠાણ એટલે કે માળો બનાવવાનું પસંદ કરે છે. આ પક્ષી માંસભક્ષી છે. ગીધનો મુખ્ય ખોરાક પશુ પ્રાણીઓના મૃતદેવ છે. આવા મૃતદેહ શોધવા ગીધ માટે ઉજાણીનું સ્થળ છે. સડેલા મૃતદેહોની ગંદકીને દૂર કરતા આ પક્ષીને સફાઈ કામદાર તરીકે ઓળ ખવામાં આવે છે.

**મોકલનાર : તળશીભાઈ મો. પટેલ**

## ચિત્ર વાર્તા....





દ્રષ્ટિ બી. ધો. ૭ (દિપક હાઈસ્કુલ)

**અહિં દ્રષ્ટિ ધો.૭ શ્રી મોટા માંડવડા પ્રા.શાળાએ એક ચિત્ર મોકલેલ છે. તેના પરથી સુંદર વાર્તા બનાવી લખી મોકલો તો બાલ એકસપ્રેસમાં છાપીએ...**


## આ મારું ચિત્ર છે

વાળા યોગેશ્રી મનિષભાઈ
(ધોરણ–૯–બી–પાઠક સ્કુલ, અમરેલી)






કથિરીયા જીલ વિપુલભાઈ ધો.૭,
શ્રી પાણિયા પ્રાથમિક શાળા




હેલૈયા શિવાની સંજયભાઈ
(ધોરણ–૮–બી–રૂપાયતન સ્કૂલ, અમરેલી)



પ્રાંજલ જનકભાઈ કનાળા, ધો.૩,
શ્રી પાણીયા પ્રા.શાળા

# સેંજળધામ ખાતે પૂ. મોરારિબાપુની નિશ્રામાં ત્રિવિધ કાર્યક્રમ સંપન્ન



પુ.પ્રયાનસ્વામી બાપા સમાધિ સ્થાન સેંજળધામ ખાતે સમૂહલગ્ન, મંદિર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને ધ્યાનસ્વામી બાપા એવોર્ડ એમ ત્રિવિધ કાર્યક્રમ આજે માઘપૂર્ણિમાના દિવસે તા. ૨૩/૨/૨૪ના પુ. મોરારિબાપુની પાવન સાંનિધ્યમાં સંપન્ન થયાં. પુ. ધ્યાનસ્વામી બાપા એવોર્ડ કાર્યક્રમમાં પ્રારંભમાં સૌ સંતોની ભાવવંદના કરવામાં આવી. સાવરકુંડલા તાલુકાના સાધુ સમાજના પરિચય ગ્રંથનું વિમોચન પણ કરવામાં આવ્યું. સંચાલક હરિશ્ચંદ્રભાઈ જોશીએ ધ્યાનસ્વામી બાપા એવોર્ડની શરૂઆત અને તેની ક્રમબદ્ધ રીતે આગળ વધેલી યાત્રા તથા પૂજય મોરારિબાપુના હેતુઓને સ્પષ્ટ કરીને રજૂઆત કરી. શાબ્દિક સ્વાગત ધ્યાનસ્વામી બાપા ટ્રસ્ટના પ્રમુખ તુલસીદાસબાપુ હરિયાણીએ કરી સૌ ઉપસ્થિત સંતો, મહંતો, મહામંડલેર અને ભાવકોને આવકાર્યા હતાં. પ્રતિ વર્ષ યોજાતો સને ૨૦૧૧ થી પ્રારંભ થયેલો ધ્યાનસ્વામી બાપા એવોર્ડ ચાલુ વર્ષે સંત શ્રી આપાગીગાની જગ્યા–સતાધારને અર્પણ કરવાનો આ રૂડો–દિવ્ય અવસર અનેક રીતે ધાર્મિકતાના શિરમોર એવા ઉત્સવ તરીકે ઉજવાયો. સતાધાર જગ્યાના મહંત શ્રી પૂજય વિજયદાસ બાપુએ રૂપિયા સવા લાખની રાશિ અને પ્રશસ્તિપત્રની ભાવવંદના સ્વીકારી. આ એવોર્ડ વિવિધ જગ્યાઓમાં જયાં માનવસેવા, જીવસેવા થઈ રહી છે તેવી જગ્યાઓને આપવામાં આવે છે. ચાલુ વર્ષે આ એવોર્ડ સમારંભનો ૧૪માં મણકો હતો. અંશાવતાર દાન મહારાજ ચલાલાની જગ્યાના મહંત પૂજય વલકુબાપુએ આ સમગ્ર ઉપક્રમને એક પ્રસાદ રૂપ ગણાવીને દેહાણ્ય જગ્યાની થતી આ વંદનાને ખૂબ આવકાર્ય ગણાવી. સાધુ સમાજના પ્રમુખ અને ચાપરડાંના મહંત શ્રી પૂજય મુકતાનંદ બાપુએ કહ્યું કે દેહાણ્ય જગ્યાઓ ભજન અને ભોજન અને એ સિવાયની અનેકવિધ માનવ સેવાની પ્રવૃત્તિ થઈ રહી છે તેને આવો અવસર દિવેલરૂપ ગણાવો જોઈએ. આ બધી જગ્યાઓમાં સમત્વભાવ છે અને તે ભાવે સૌના લોક હૃદયમાં પ્રભુ સ્મરણ પણ સ્થાપિત કર્યું છે. પુ. મોરારિબાપુએ આ પ્રસંગે સૌને સંબોધિત કરતાં કહ્યું કે, આજે સતાધાર એટલે કે જયાં સંતનો આધાર છે તેની ભાવ વંદના કરી શકયા છીએ તેનો આનંદ છે. આવી જગ્યાઓ અનેક રીતે ગુરૂ અને ગુરૂ પદ બંનેની મહત્તા દર્શાવે છે. જોકે ગુરૂ કમજોર હોય શકે, ગુરૂ પદ કમજોર ન હોય શકે. આ વંદના ધારણા, ધ્યાન, સમાધિનું પૂજન છે. બાપુએ સમાધિઓના ચેતન તત્વને ઉજાગર કરીને તેનું મહત્વ સ્થાપિત કર્યુ અને ધ્યાનસ્વામી બાપા સમાધિ સ્થાન જે રીતે વિકસ્યું છે તેનો રાજીપો પણ વ્યકત કર્યો. આ જગ્યા અનેક રીતે પોતાને આકર્ષે છે તેવું ભાવ પુષ્પ સમર્પિત કર્યુ. આ પ્રસંગે મંદિર પુનઃ નિર્માણ માટે દેવાંગભાઈ સોમપુરાનુ સન્માન કરવામાં આવ્યું હતું. આજના આ એવોર્ડ સમારંભની સાથે સાથે ધ્યાનેર મહાદેવ, પૂજય ધ્યાન સ્વામી બાપા સમાધિ સ્થાનનો પુનઃ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. સાથે સાથે સાધુ સમાજના સમૂહલગ્નનું આયોજન પણ થયું. જેમાં સાધુ સમાજ ઉપરાંત સેંજળ ગામની કન્યાઓ સમેત કુલ ૪૪ દીકરીઓના સમૂહલગ્ન યોજાઈ ગયાં. આ રીતે ત્રિવિધ કાર્યક્રમ સુપેરે સંપન્ન થયો. આજના દિવ્ય કાર્યક્રમમાં પુ.વલકુ બાપુ–ચલાલા, પુ. મુકતાનંદ બાપુ, પુ. શેરનાથ બાપુ–જુનાગઢ, પુ. જગજીવનદાસજી–કમિજળા જુનાગઢ, દુર્ગાદાસ બાપુ–સાયલા, પુ. ઝીણારામ બાપુ સિહોર, પુ. રામેર બાપુ હરિયાણી, પુ. લાલદાસ બાપુ–લીબંડી તથા અનેક સંતો–મહંતો તથા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન હરિશ્ચંદ્રભાઈ જોશીએ કર્યુ હતું.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં આગામી રવિવાર અને સોમવારે

મંદિર પાસે આવેલ ફાટક નં. ૬૬, દોલતી અને મેરીયાણા ગામ વચ્ચે આવેલ ફાટક નં. ૮૭, ભંમર અને ઘાંણલા ગામ વચ્ચે આવેલ ફાટક નં. ૯૧, રાજુલા રોડ અને વણોટ ગામ વચ્ચે આવેલ ફાટક નં. ૯૬ અને ૯૭ ઉપર રૂા. ૨૦.૩૭ કરોડના ખર્ચે નિર્માણ પામેલ રોડ અન્ડર બ્રીજના કામોનું લોકાર્પણ સવારે ૧૦:૪૫ કલાકે પ્રધાનમંત્રીના વરદહસ્તે વર્ચ્યુલી થવાનું છે ત્યારે તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ આ સમય દરમ્યાન રાજુલા અને મહુવા રેલ્વે સ્ટેશન ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કેન્દ્ર સરકાર દ્વારા અમરેલીના લોકોને આપવામાં આવેલ કરોડોની ભેટના સાક્ષી બનવા અમરેલીના સાંસદ તરીકે નારણભાઈ કાછડીયાએ લોકોને અપીલ કરેલ છે.


**સંકુલ KG થી ધો. ૫ – બન્ને મિડીયમ કન્યા કુમાર પ્રવેશ**
**ઈંગ્લીશ મિડીયમ સવાર – ગુજરાતી મિડીયમ બપોર**

★ સવાર–બપોર KG સ્કૂલ – સેપરેટ કમ્પાઉન્ડ & કોટેજ ટાઈપ સેપરેટ વર્ગખંડ
★ KG થી ધો. ૫ – All સ્ટાફ BA-B.Ed. ઈંગ્લીશ અથવા B.Sc.-B.Ed.
★ ત્રિ માસિક – છ માસિક – નવ માસિક – વાર્ષિક પરિક્ષા – ધો. ૧ થી ૫ ડેઈલી ટેસ્ટ
★ ખેલકૂદ – સાહિત્ય કલા – ગીત સંગીત – સાંસ્કૃતિક & 31st ની સ્પર્ધાઓ
★ હાફ ડે પીકનીક – વન ડે ટુર & સેમીનાર – DG-RG-IG – વિગેરે એક્ટીવીટી

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી) સ્થળ– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad086


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૬ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં | ૫૫૫ | ૫૫૫ |
| ૩ | ધાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૮૦ | ૧૫૬૮ |
| ૨ | ધાણા | ૧૧૩૦ | ૧૮૦૦ |
| ૩ | તુવેર | ૧૫૨૦ | ૧૮૯૦ |
| ૪ | ઘઉં | ૫૦૫ | ૫૨૫ |
| ૫ | ચણા | ૧૧૧૧ | ૧૧૪૯ |
| ૬ | જીરૂ | ૪૦૨૫ | ૬૦૭૫ |
| ૭ | રાય | ૧૧૦૫ | ૧૧૭૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૨૦ | ૧૨૬૬ |
| ૨ | શિંગ મોટી | ૯૫૬ | ૧૩૩૨ |
| ૩ | શિંગદાણા | ૧૦૯૦ | ૧૪૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૧૫૦ |
| ૫ | તલ કાળા | ૨૫૧૫ | ૨૭૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૪૦૯૦ | ૪૧૨૫ |
| ૭ | બાજરો | ૪૨૦ | ૪૨૧ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૧૧ | ૬૯૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૫૬ |
| ૧૦ | મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | ચણા | ૮૫૫ | ૧૧૩૯ |
| ૧૨ | ચણા દેશી | ૧૪૦૪ | ૧૪૦૪ |
| ૧૩ | તુવેર | ૧૦૭૦ | ૧૯૫૬ |
| ૧૪ | કપાસ | ૧૦૨૦ | ૧૫૩૮ |
| ૧૫ | એરંડા | ૧૦૭૦ | ૧૦૯૨ |
| ૧૬ | જીરૂ | ૩૩૦૦ | ૬૩૦૦ |
| ૧૭ | રાયડો | ૭૦૫ | ૮૯૧ |
| ૧૮ | રાય | ૧૦૮૦ | ૧૨૫૦ |
| ૧૯ | ધાણા | ૧૧૦૫ | ૨૨૦૦ |
| ૨૦ | ધાણી | ૧૨૮૬ | ૨૮૦૦ |
| ૨૧ | અજમા | ૨૫૮૦ | ૨૫૮૦ |
| ૨૨ | સોયાબીન | ૮૨૩ | ૮૩૬ |
| ૨૩ | મરચા લાંબા | ૯૫૦ | ૩૫૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું બગસરામાં ૧.૫૦ કરોડનાં ખર્ચે

મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય એક કલાક મોડા આવતા કાર્યક્રમમાં આવેલ લોકો જતા રહ્યા હતા જેને લઈ ને આ કાર્યક્રમનો ફીયાસ્કો થયો હોય તેવું લાગી રહયુંહતું. જયારે આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ જયોત્સનાબેનની પણ ગેરહાજરી જોવા મળી હતી. એટલું જ નહિ પણ પાલિકા ઉપપ્રમુખ ભાવનાબેન ની પણ ગેરહાજરી જોવા મળી હતી. જેને લઈને આ કાર્યક્રમ ફલોપ ગયો હોય તેવું લાગી રહયું છે. જયારે આ કાર્યક્રમમાં આવેલ લોકો ધારાસભ્યની રાહ જોતા પણ નજરે પડેલ છે.

બગસરા પાલિકાને વાર્ષિક ૬૦ લાખ જેટલો વીજ બિલમાં રાહત થાય તેમ છે છતાં પાલિકા પ્રમુખ ની ગેરહાજરીથી શું પાલિકા આ બિલનું ભારણ ઓછું કરવા નથી માંગતી કે પછી આ ૧.૫૦ કરોડના કામમાં પાલિકાના સભ્યોને હિસ્સો નથી મળ્યો એવા લોકોમાં સવાલો ઉઠી રહ્યાં છે.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરામાં સરકારી દવાખાનાનું

આ કોન્ટ્રાકટર દ્વારા પૂરતા પ્રમાણમાં લોખંડ કે પછી ટેન્ડર મુજબ કાંકરી કે રેતી નવપરાતી હોવાની ફરિયાદ સામે આવી છે. જયારે શરૂઆતથી જ વિવાદમાં રહેલ આ હોસ્પિટલમાં ગેરરીતિની ફરિયાદો આવી રહેલ છે. જૂની બિલ્ડિંગ પાડીને બ્લોક અને બાકડા કયાં ગયા તેની કોઈને ખબર જ ન પડી ત્યારબાદ ખાતમુર્હૂતમાં અમુક નેતાના નામ લખેલ તેની ગેરહાજરી રહેલ. ત્યાર બાદ સરકારને ઉંધા ચશ્માં પહેરાવી ચેકીંગ દરમિયાન બોર્ડ લગાવવામાં આવ્યું ત્યાર બાદ ઉતારી લેવામાં આવતું હતું. ચેકીંગ દરમિયાન સબ સલામત છે તેવું બોર્ડ લગાવી દેવામાં આવતું હતું ત્યાર બાદ ચેકીંગ પુરૂં થાય કે તરતજ બોર્ડ ઉતારી લેવામાં આવતું અને હવે અપૂરતા પ્રમાણમાં લોખંડ, કાંકરી અને રેતીમાં ચાલી રહેલ લોલમલોલ તો શું તંત્ર દ્વારા આખ આડા કાન કરવામાં આવે છે બાંધકામના એન્જિનિયર ફરકતા નથી કે પછી તંત્રની મિલી ભગત છે તેવા વેધક સવાલો ઉઠી રહ્યાં છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૧ | ૧૫૨૫ |
| ૨ | ચણા | ૧૦૬૦ | ૧૧૪૦ |
| ૩ | જુવાર સફેદ | ૮૫૨ | ૮૫૨ |
| ૪ | ઘઉં | ૫૨૧ | ૫૨૧ |
| ૫ | બાજરો | ૪૦૫ | ૪૦૫ |
| ૬ | ધાણા | ૯૦૦ | ૧૨૦૦ |
| ૭ | તુવેર | ૧૬૫૧ | ૧૭૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૩૬ | ૧૪૯૫ |
| ૨ | મગફળી | ૮૦૫ | ૧૦૮૦ |
| ૩ | ઘઉં | ૪૨૧ | ૫૪૧ |
| ૪ | ચણા | ૧૦૨૫ | ૧૧૧૫ |
| ૫ | તુવેર | ૧૫૮૦ | ૧૭૦૦ |
| ૬ | ધાણા | ૧૧૪૬ | ૧૪૨૧ |
| ૭ | અડદ | ૧૬૮૧ | ૧૬૮૧ |
| ૮ | રાઈ | ૯૪૦ | ૯૪૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૮૩૧ | ૧૩૨૮ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૯૦૦ |
| ૩ | જીરૂ | ૪૧૦૦ | ૬૨૮૦ |
| ૪ | કપાસ | ૧૨૫૧ | ૧૫૫૧ |
| ૫ | ઘઉં લોકવન | ૪૫૭ | ૬૦૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| ૭ | જુવાર | ૮૦૧ | ૮૨૫ |
| ૮ | મકાઈ | ૫૦૦ | – |
| ૯ | મગ | ૧૮૦૦ | – |
| ૧૦ | ચણા દેશી | ૧૨૦૦ | ૧૪૧૧ |
| ૧૧ | ચણા | ૧૦૭૦ | ૧૧૬૮ |
| ૧૨ | તુવેર | ૧૫૦૦ | ૧૯૨૦ |
| ૧૩ | એરંડી | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ૧૪ | રાય | ૯૦૦ | – |
| ૧૫ | ધાણા | ૧૩૫૧ | ૨૧૬૧ |


**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા**
**મહુવા રોડ, રેલ્વે ફાટક પાસે, મુ. સાવરકુંડલા**

**:: જાહેરાત ::**

(૧) શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–સાવરકુંડલા માં જરૂરી રીનોવેશન, સ્લોબ, વિ. કામે આર.સી.સી. ના કોલમ, બીમ, સ્લેબનું ફકત મજુરીકામ ના ફુટના ભાવ બંધ કવરમાં જાહેરાત પ્રસિપ્રધ થયેથી દિવસ–૮ (આઠ) માં બજાર સમિતિ સાવરકુંડલાની ઓફીસે ઓફીસ સમય દરમ્યાન પહોંચતા કરવા. આવેલ ભાવો બાબતે નિર્ણય કરવાની તમામ સતા બજાર સમિતિને અબાધીત રહેશે.
(૨) શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–સાવરકુંડલા માં જરૂરી રીનોવેશન, સ્લોબ, વિ. કામે ચણતર (ઈંટો / બેલા) તથા પ્લાસ્ટર ફકત મજુરીકામના ચો.ફુટના ભાવો બંધ કવરમાં જાહેરાત પ્રસિપ્રધ થયેથી દિવસ–૮ (આઠ) માં બજાર સમિતિ સાવરકુંડલાની ઓફીસે ઓફીસ સમય દરમ્યાન પહોંચતા કરવા. આવેલ ભાવો બાબતે નિર્ણય કરવાની તમામ સતા બજાર સમિતિને અબાધીત રહેશે.
(૩) શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–સાવરકુંડલા, તરફથી એ.પી.એમ.સી.માં જરૂરી રીનોવેશન, સ્લોબ, વિ. કામે નીચે જણાવેલ સ્ટીલ, સિમેન્ટ, મેટલ, કપચી, ગ્રીટ, રેતી વિ. મટીરીયલ ના ભાવો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતા સપ્લાયરો / વેપારીઓ એ પોતાના ભાવો બંધ કવરમાં દિવસ–૮ (આઠ) માં ઉપરોકત સરનામે પહોંચતા કરવા. ભાવ સ્થળપર મટીરીયલ પહોંચતા ના આપવાના રહેશે. આવેલ ભાવો બાબતે નિર્ણય કરવાની તમામ સતા બજાર સમિતિને અબાધીત રહેશે.

| ક્રમ | વિગત | ક્રમ | વિગત |
|---|---|---|---|
| ૧ | મેટલ 45 TO 63 mm | ૫ | ગ્રીટ 8 TO 10 mm |
| ૨ | કપચી ( 0II X 0III ) | ૬ | સિમેન્ટ |
| ૩ | મેટલ ડસ્ટ | ૭ | લોખંડ |
| ૪ | રેતી | | |

**દિપકભાઈ કે.માલાણી** ચેરમેનશ્રી
**મહેશભાઈ એમ. લખાણી** વાઈસ ચેરમેનશ્રી
**જે.વી. માલાણી** સેક્રેટરીશ્રી
**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૧ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૩ | તલ પીળા | ૩૯૫૧ | ૩૯૫૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૯ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૨૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૯૭ |
| ૭ | જુવાર | ૬૫૨ | ૮૩૧ |
| ૮ | અડદ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૯ | તુવેર | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૧૦ | ચણા | ૯૬૦ | ૧૧૩૦ |
| ૧૧ | અજમા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૧૨ | રાય | ૯૦૦ | ૯૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૦ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૧૨ |
| ૩ | રાય | ૭૬૨ | ૯૧૦ |
| ૪ | રાયડો | ૮૦૨ | ૯૧૭ |
| ૫ | ચણા સફેદ | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૨૨ | ૪૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૨૩ |
| ૮ | મગફળી | ૮૫૧ | ૧૧૭૦ |
| ૯ | ધાણા | ૧૦૭૦ | ૧૪૦૦ |
| ૧૦ | સોયાબીન | ૭૬૨ | ૮૧૫ |
| ૧૧ | જુવાર | ૮૭૫ | ૮૭૫ |
| ૧૨ | એરંડી | ૧૦૦૦ | ૧૦૭૨ |
| ૧૩ | મેથી | ૯૦૦ | ૯૭૧ |
| ૧૪ | મગ | ૧૪૦૦ | ૧૪૫૦ |

## મહાશિવરાત્રીના દિવસે
# રાજુલામાં શ્રી શિવજીની શોભાયાત્રા ફરશે

રાજુલા, તા. ૨૩

આગામી તા ૮/૩/૨૦૨૪ ને શુક્રવાર ના રોજ સવારે ૯:૩૦ કલાકે ધર્મશાળા – (ગોકલેશ્વર મહાદેવ મંદિરથી) શ્રી શિવજીની શાનદાર શોભાયાત્રા રાજુલા શહેરમાં દર્શનાર્થે ફરશે. મહાશિવરાત્રી નિમિત્તે આયોજન શ્રી શિવ ઉત્સવ કમિટી દ્વારા કરવામાં આવેલ છે. આ શોભાયાત્રા રૂદ્રગણ–રાજુલાના સાથ અને સહકારથી થયેલ છે. આ શોભાયાત્રા ૯:૩૦ કલાકે ધર્મશાળાથી શરૂ થઈ સુપ્રીમ એજન્સી વાળી બજાર, લાતી બજાર, જીવાબાપુનો ચોક, મોચી ચોક, સાંઈ મંદિર, હોલિયા હનુમાન, હવેલી ચોક, મેઈન બજાર, પોલીસ સ્ટેશન ચોક, એસ.બી.આઈ. રોડ, ખોડિયાર મંદિર થઈને શ્રી કુંભનાથ મહાદેવ મંદિરે બપોરે ૧૨:૩૦ કલાકે પહોંચશે. ત્યાં મહાઆરતી તથા મહા પૂજાના દર્શન રાખેલ છે. એમ એક અખબાર યાદીમાં શ્રી શિવ ઉત્સવ કમિટીના પ્રમુખ દીપક ઠેકેદાર જણાવે છે.

## પાના ૧ ઉપરનું ચાલું તરૂણીનાં ઘરમાં ઘુસી દુષ્કર્મ કર્યુ

સુરેન્દ્રનગરનાં વતની અને હાલ રાજુલા તાલુકાના એક ગામમાં રહેતી ૧૭ વર્ષની તરૂણીના ઘરમાં તા.૨૨/૨ ના રાત્રે ૧૨/૩૦ થી સવારના ૪ વાગ્યા દરમ્યાન તરૂણી સાથે વારા ફરતી બે વાર સગીરા સાથે તેણીની મરજી વિરૂધ્ધ શારિરીક સબંધ બાંધી યૌન શોષણ કરી બળાત્કાર આચરી અને જો આ બનાવની વાત જો કોઈને કરશે, તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ડુંગર પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૭૬–૨(જે)(એન), ૫૦૬(૨) તથા પોકસો એકટ ક. ૪, ૬, ૮ મુજબ નોંધાતા ભારે ચકચાર મચી જવા પામી છે. ત્યારે પોલીસે સગીરા ઉપર દુષ્કર્મ કરનાર આરોપીને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીને ધૂળમુકત કરવાનું

અધિકારીઓનું શહેરમાં નિવાસ સ્થાન હોય છે એટલે શહેર સ્વચ્છ અને સુંદર બને અને બન્યા બાદ બની રહે તે માટે શાસકો પ્રયત્નશીલ હોવા જોઈએ તે જરૂરી છે.

દરમિયાનમાં અમરેલી પાલિકાનાં પ્રમુખ બિપિન લીબંબાણી, કારોબારી ચેરમેન મનિષ ધરજીયા, બાંધકામ ચેરમેન સંદિપ માંગરોળીયા, પૂર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા સહિતનાં પદાધિકારીઓએ શહેરને ધુળ મુકત કરવાનું અભિયાન શરૂ કરેલ છે.

આજે ડો. જીવરાજ મહેતા ચોકથી નાગનાથ ચોક સુધી ધુળ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી અને ક્રમશઃ સમગ્ર શહેરમાં આ કામગીરી કરવામાં આવશે અને શહેરીજનોને પણ સહકાર આપવા શાસકોએ અનુરોધ કર્યો છે.


**ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ**

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે :– બાબરા– અમારા અસીલ જમીન ખરીદનાર **સાવલીયા મહેશભાઈ ધીરૂભાઈ રહે :– બેડલા, તા :–રાજકોટ, જિ. :– રાજકોટ,** વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **ગમાપીપળીયા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **સાવલીયા મહેશભાઈ ધીરૂભાઈ** ખરીદ કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | **શાંતિભાઈ જીવાભાઈનું તા. :૨૦/૦૧/૨૦૨૩નાં રોજ મરણ થતાં તેનાં વારસદાર દરજ્જે (૧) ચંપાબેન શાંતિભાઈ માલવીયા (૨) કિશનકુમાર શાંતિભાઈ માલવીયા** | ૪૫૪ | ૪ પૈકી ૨ | ૦–૯૫–૧૦ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૦૭ (સાત)માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ ખરીદનાર **સાવલીયા મહેશભાઈ ધીરૂભાઈ** ના નામે કરાવી આપીશુ. ત્યાર બાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.


સ્થળ :– બાબરા
તા :– ૨૩–૦૨–૨૦૨૪

**અમારા અસીલ**
**સાવલીયા મહેશભાઈ ધીરૂભાઈ**
**ની સુચનાથી**

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
**(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)**
રાજકોટ–ભાવનગર રોડ, ઉમા રેસ્ટોરન્ટની બાજુમાં, નાગનાથ કોમ્પલેક્ષ
મુ. બાબરા, જી. અમરેલી. મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬

# અમરેલી ખાતે શ્રી ચતુર્વેદી મચ્છુ કાઠિયા મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ દ્વારા માતંગી મોઢેશ્વરી માતાજીનો પાટોત્સવ યોજાયો



અમરેલી ખાતે શ્રી ચતુર્વેદી મચ્છુ કાઠિયા મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ અમરેલી દ્વારા માતંગી મોઢેરી માતાજીનો પાટોત્સવ રંગે ચંગે બાળ હનુમાનની જગ્યામાં તારીખ ૨૨/૨/૨૦૨૪ ને ગુરૂવારના રોજ આયોજિત થયેલ. સવારે ૮:૦૦ કલાકે શાસ્ત્રી શ્રી કેયુરભાઈ જોશી દ્વારા માતાજીનો યજ્ઞ કરાયો. યજ્ઞની અંદર રાજુલભાઈ અને મંત્રી ચિરાગભાઈ સહદંપતિ બેઠા હતા. મહિલા મંડળ દ્વારા માતાજીને ૫૬ ભોગના ભોગ લગાડીને પ્રસાદ ધરવામાં આવેલ હતો. તેમાં શ્રીમતી ડિમ્પલબેન, શ્રીમતી દક્ષાબેન ચેતનભાઈ, શ્રીમતી વર્ષાબેન, શ્રીમતી ફાલ્ગુનીબેન, શ્રીમતી જલ્પાબેન, શ્રીમતી દક્ષાબેન સંજયભાઈ, શ્રીમતી માધુરીબેન, શ્રીમતી ઉર્વશીબેન દ્વારા માતાજીનો ભોગ પ્રસાદ તૈયાર કરવામાં આવેલ. ત્યારબાદ સર્વો પ્રસાદ સર્વ જ્ઞાતિજનોને પ્રસાદ રૂપે આપવામાં આવ્યો. આ પ્રસંગે ભોજન દાતા બનેલ સ્વર્ગસ્થ જસુમતીબેન ધીરજલાલ પંડયાના સ્મરણાર્થે હસ્તે વિનોદભાઈ અને રાજેશભાઈ, મુકેશભાઈ જોશી ઉના, ડોકટર સુરેશભાઈ પંડયા જામનગર, ધર્મેન્દ્રભાઈ જોશી રાજકોટનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવેલ તેમજ જ્ઞાતિના વડીલ પ્રોફેસર છેલભાઈ વ્યાસને પૂજય મોરારીબાપુ દ્વારા કાનજી ભુટા એવોર્ડ મળેલ તેમનું પણ પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ ભોજન પ્રસાદનો લાભ લીધેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટી મંડળ અને કારોબારી મંડળ દ્વારા ખૂબ જ મહેનત કરવામાં આવેલ તેમ એક યાદીમાં પ્રમુખ રાજેશભાઈ પંડયાએ જણાવેલ છે.

### પોલીસબેડામાં શોકનો માહોલ ઉભો કરતી ઘટના

## અરેરાટી : ચલાલાનાં પોલીસકર્મી નજુભાઈ વાળાનું અચાનક નિધન થયું

### બગસરા ખાતે હોટેલે જમતા હોય ઢળી પડયા

અમરેલી, તા. ૨૩

ચલાલા નજુભાઈ બાધુભાઈ વાળા નામનાં ૩૧ વર્ષિય ચલાલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોય અને ચલાલા પોલીસ સ્ટેશનના કામે તેઓ પાદરગઢ તથા બગસરા તપાસના કામે ગયેલ હોય, તે દરમ્યાન તા.૨૧ ના રાત્રીના સવા નવેક



વાગ્યે બગસરા ખાતે આવેલ ધરમ હોટલ જમવા ગયેલ હતા. આ વખતે તેઓ નીચે ઢળી ગયેલ હોય, અને બેભાન થઈ ગયેલ. જેથી તેમને સારવારમાં લઈ જતા સારવાર દરમ્યાન અમરેલી સિવિલ હોસ્પીટલ ખાતે તેઓ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ''વિશ્વ માતૃભાષા દિવસ''

## ભાષાનું જ્ઞાન, જ્ઞાનનું દ્વાર છે

### મને ફાંકડું અંગ્રેજી ન આવડવાનો અફસોસ નથી, પણ મને કડકડાટ ગુજરાતી આવડવાનો ગર્વ છે–નર્મદ

દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ' ઉજવવામાં આવે છે. વિશ્વમાં ભાષા, સાંસ્કૃતિક વિવિધતા અને બહુભાષિતાને પ્રોત્સાહન આપવા તેમજ લોકોને પોતાની માતૃભાષા પ્રત્યે જાગૃત કરવાના હેતુથી ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯નાં દિવસને યુનેસ્કોએ 'વિ માતૃભાષા દિવસ' જાહેર કર્યો હતો. યુએનનાં જણાવ્યા અનુસાર વિશ્વભરમાં બોલાતી ભાષાઓની સંખ્યા આશરે ૬૦૦૦થી વધુ છે. વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં જાપાની, અંગ્રેજી, રૂશી, બંગાલી, પુર્તગાલી, અરબી, પંજાબી, મેંડારિન, હિન્દી અને સ્પેનિશ છે. સામાન્ય રીતે માતૃભાષા એટલે બાળકને માતા તરફથી મળેલી ભાષા. પરિવારમાં બોલાતી ભાષા એટલે માતૃભાષા. જે ભાષાનો શબ્દ બાળકે સૌપ્રથમ સાંભળ્યો, કાલુ–કાલુ બોલવાનો પ્રયત્ન કર્યો હોય અને બાદમાં તે ભાષાનું શબ્દભંડોળ સમૃદ્ધ થવાથી તેના પર પ્રભુત્વ આવ્યું હોય તે માતૃભાષા. જે ભાષામાં વિચારવાનું, લાગણીઓ અનુભવવાનું તેમજ લાગણીઓ અને વિચારો પ્રદર્શિત કરવાનું બાળક શીખ્યું હોય તે ભાષા એટલે માતૃભાષા.




આપણી માતૃભાષાની વાત કરીએ તો ગુજરાતી ભાષાનો ઈતિહાસ ઘણો જૂનો છે. ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ આગવું અને સમૃદ્ધ છે. વર્લ્ડ લેન્ગવેજ ડેટાબેઝનાં ૨૨માં સંસ્કરણ ઈથોનોલોજ મુજબ વિશ્વભરની ૨૦ સૌથી બોલાતી ભાષાઓમાં છ ભારતીય ભાષાઓ છે, જેમાં હિન્દી ત્રીજા સ્થાન પર છે. હિન્દી પછી બંગાળી વિશ્વભરમાં બોલાતી ભાષાઓમાં સાતમા સ્થાને છે. ભાષા એ અભિવ્યકિતનું સાધન છે. એનાં વગર અભિવ્યકિત શકય જ નથી. ભારતની પ્રાચીન ભાષા સંસ્કૃત છે. સંસ્કૃત ભાષા તમામ ભાષાઓની જનની છે. જો હવે વ્યવહારમાં સંસ્કૃત ન વાપરવામાં આવે એ તો સમજાય એવી વાત છે, પરંતુ એ આપણો વારસો છે એટલે સાવ લુપ્ત તો ન જ થવો જોઈએ. સંસ્કૃત ભાષા વાંચતા અને સમજતા તો આવડવી જ જોઈએ અને બાળકોને જેમ નાનપણથી જ અંગ્રેજી ભાષાનું વણગણ લાગાડવામાં આવે છે તેમ સંસ્કૃત ભાષા પણ શીખવવી જોઈએ. દરરોજ સંસ્કૃતનાં શ્લોકોનું ઉચ્ચારણ કરવાથી ઉચ્ચારણ શુદ્ધ થાય છે. તમામ ભાષાઓનું સન્માન કરવું જોઈએ અને પોતાની માતૃભાષાને ટકાવી રાખવા એને કંઠસ્થ કરવી જોઈએ.મને ફાંકડું અંગ્રેજી ન આવડવાનો અફસોસ નથી, પણ મને કડકડાટ ગુજરાતી આવડવાનો ગર્વ છે–નર્મદ

ભાષાનું જ્ઞાન, જ્ઞાનનું દ્વાર છે.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

## ઋગ્વેદ અનુસાર ખેતરમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ ?

ભારત દેશમાં પશુ,પક્ષી, પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ્મી માટે ઘુવડ, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ઘુમાવતી માટે કાગડા અને બહુચરા માતા માટે મગર છે.

રામ ભગવાન પણ પશુ–પક્ષીઓને ખુબ આદર આપતા હતા. ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જ પશુ, પક્ષીઓને અનેરું સ્થાન આપવામાં આવ્યું છે. ભારતનાં પ્રાચીન વેદ ઋગ્વેદમાં જમીનમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ છે તે દર્શાવ્યું છે.

ઋગ્વેદમાં કહેવાયું છે કે



તૈયાર અનાજ નીચેનો ભાગ ભૂમિ માટે, અનાજ લણ્યા પછીનો ભાગ પશુ માટે, તૈયાર અનાજની પહેલી દુંડી અગ્નિ માટે, પહેલી એક મુટ્ટી પંખીઓ માટે, અનાજ દડાવ્યા પછીનો એક મુટ્ટી લોટ કીડીઓ માટે, પહેલી રોટલી ગાય માટે, પહેલી થાળી વડીલો માટે, પછીની થાળી પોતાના માટે અને છેલ્લી રોટલી કુતરા માટે રાખવી જોઈએ.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

### ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાનાં માર્ગદર્શન હેઠળ પોલીસનો સપાટો

## વેરાવળના દરિયાઈ માર્ગેથી હેરાફેરી થનાર હેરોઈન ડ્રગ્સ આશરે ૫૦ કિલો કિંમત આશરે રૂા. ૨૫૦ કરોડનો જથ્થો ઝડપાયો

### એલસીબી અને એસઓજીનું સંયુકત ઓપરેશન




તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૩

ગુજરાત રાજયનું યુવાધન મોજશોખ ખાતર જાણે કે અજાણે નશાની લતમાં ગળાડૂબ થઈ ચરસ, ગાંજો, અફીણ, કોકેઈન, હેરોઈન જેવા નશાકારક પદાર્થોનું સેવન કરી શારીરિક, માનસિક તેમજ આર્થિક રીતે પાયમાલ બની યુવા પેઢીને નુકસાન પહોંચતું હોય આવા ડ્રગ્સ/નશાકારક માદક પદાર્થનું સેવન કરતા તથા હેરાફેરી કરતાં ઈસમો ઉપર કડક કાર્યવાહી કરવા અને આ બદી સદંતર નાબુદ કરવા માટે એનડીપીએસના કેસો શોધી કાઢવા નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેજ જાજડીયા, જુનાગઢ રેન્જ જુનાગઢનાઓ તથા ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાનાઓ તરફથી કડક સુચના આપેલ હોય.

જે અનુસંધાને એલસીબી પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ. રાણા તથા એસઓજી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એ.બી. જાડેજા તથા પોલીસ ઈન્સ્પેકટર જે.એન. ગઢવીનાં માર્ગદર્શન મુજબ એસઓજીનાં પોલીસ સબ ઈન્સ્પેકટર એ.બી. વોરા તથા એલસીબીના પોલીસ સબ ઈન્સ્પેકટર વી.કે. ઝાલા તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન સંયુકત બાતમી આધારે વેરાવળ બંદર નલીયા ગોદી પાસેથી (૧) આસીફ ઉર્ફે કારા જુસબભાઈ શમા (ઉ.વ.૨૪) રહે. જામનગર, બડેશ્વર, હાઉસીંગ બોર્ડ, રૂમ નં. ૪૦ (૨) અરબાજ અનવરભાઈ પમા (ઉ.વ. ૨૩) રહે. જામનગર, ગુલાબનગર, ગૌષિયા મસ્જિદ પાસે (૩) ધરમેન બુધ્ધીલાલ કશ્યપ (ઉ.વ. ૩૦) રહે. મહમદપુર, નરવાલ, પોસ્ટ–કુરની, જી. કાનપુર, રાજય ઉત્તરપ્રદેશની હેરોઈન ડ્રગ્ઝનો મોટા જથ્થા સાથે અટકાયત કરાયેલ છે.

બનાવને લઈને (૧) અનુજકુમાર સ/ઓ મુકેશભાઈ કશ્યપ રહે. કાનપુર, ઉજપારી પુર્વા, નવી બસ્તી, નવાબગંજ, કયોરા કતરી, તા.જી. કાનપુર, રાજય ઉત્તરપ્રદેશ.

(૨) અમનકુમાર સ/ઓ દિનાનાથજી કશ્યપ/ગૌડ (ઉ.વ.૨૩), ધંધો માચ્છીમારી, રહે. કાનપુર, ઉજપારી પુર્વા, નવી બસ્તી, નવાબગંજ, કયોરા કતરી, તા.જી. કાનપુર, રાજય ઉત્તરપ્રદેશ.

(૩) રજજનકુમાર સ/ઓ ભગવાનદીપ મીસાર (ઉ.વ. ૧૯) ધંધો માચ્છીમારી રહે. કાનપુર, ઉજપારી પુર્વા, નવી બસ્તી, નવાબગંજ, કયોરા કતરી, તા.જી. કાનપુર, રાજય ઉત્તરપ્રદેશ.

૪) વિષ્નુ સ/ઓ શંકરનિસાદ નીસાર (ઉ.વ. ૨૫) ધંધો માચ્છીમાર રહે. રોહીનીગામ, તા. સિંકદરા, પોસ્ટ–માનપુર, સિંકદરા પો.સ્ટે., જી. કાનપુર, રાજય ઉત્તરપ્રદેશ.

(૫) રોહિત સ/ઓ સુખુભાઈ નિશાર (ઉ.વ.૨૦) ધંધો માચ્છીમારી, રહે. કાનપુર, ઉજપારી પુર્વા, નવી બસ્તી, નવાબગંજ, કયોરા કતરી, તા.જી. કાનપુર, રાજય ઉત્તરપ્રદેશ.

(૬) રાહુલ સ/ઓ ગોરેલાલ કશ્યપ/ગૌડ (ઉ.વ.૨૦) ધંધો માચ્છીમારી, રહે. રામપુર ગામ, તા. ગંદકી, પોસ્ટ–સાલેપુર, ચાંદપુર પો.સ્ટે., જી. ફતેહપુર, રાજય ઉત્તરપ્રદેશને રાઉન્ડઅપ કરાયા છે.

આરોપીઓ પાસેથી (૧) ઓપીએટ ડેરીવેટીવ (મોર્ફીન, હેરોઈન, કોકેઈન)નો જથ્થાનું કુલ વજન–૫૦૦૧૫ ગ્રામ જેની કુલ કિં. રૂા.૨૫૦,૦૭,૫૦,૦૦૦ (૨) ફીશીંગ બોટ કિંમત રૂા. ૧૦,૦૦,૦૦૦ (૩) મારૂતિ કાર રજી. નં. જીજે–૦૩ એસી ૭૬૯૭ કિંમત રૂા. ૫૦,૦૦૦ (૪) મોબાઈલ ફોન નંગ–૩ કિંમત રૂા. ૧૧,૦૦૦ (૫) થુરાયા સેટેલાઈટ ફોન HUGHES કંપનીનો ગ્રે તથા કાળા કલરનો કીપેડ વાળ ોમોબાઈલ ફોન–૧ કિંમત રૂા. ૧૦૦૦ મળ ી કુલ મુદામાલ કિંમત રૂા. ૨૫૦,૧૮,૧૨,૦૦૦ નો કબ્જે કરવામાં આવેલ છે.

**ટૂંકી વિગત :** આ કામનો આરોપી નં. (૧) આસીફ જાનગરથી રાજકોટ ઈકો ચલાવી ડ્રાઈવીંગનો ધંધો કરતો હોય તે દરમિયાન તેની ઈકો ગાડીમાં એક ઈસમ પેસેન્જર તરીકે આવતો હોય બે વર્ષ પહેલા આરોપી નં. (૧)ને એક પાર્સલ માળ ીયા (મીંયાણા) ખાતે ડીલેવરી કરવા માટે આપેલ જેના બદલામાં ૨૦ હજાર રૂપિયા આપેલ હતા.

બાદમાં આ ઈસમે ગઈ તા. ૨૨/૨/૨૪નાં આરોપી નં. ૧ આશીફને વોટસએપ કોલ મારફતે કોન્ટેક કરી વેરાવળ પાર્સલ લેવા જાવનું અને ત્યાંથી રાજકોટ પાર્સલ મુકવાનું જવાનું જણાવી ટ્રીપનાં રૂા. ૫૦,૦૦૦ આપવાની વાત કરેલ.

બાદમાં આરોપી નં. (૧) આસીફ તથા તેનો મિત્ર આરોપી નં. (૨) અરબાઝ આ બંને આરોપીઓ વેરાવળ પોતાના શેઠની ફોર વ્હીલ ગાડી ઉછીની માંગી પહોંચતા આ અજાણ્યા ઈસમે આસીફને ચોકકસ જગ્યાનું લોકેશન વોટસએપ મારફત મોકલતા આ બંને આરોપીઓ ત્યાં પહોંચતા ત્યાં પોતાની કાર થોડે દૂર રાખી જતાં રહેલ ત્યારબાદ આ આરોપીની કારમાં પાર્સલ આરોપી નં. (૩) ધર્મેન્દ્રભાઈ બુધ્ધીલાલ કશ્યપએ મુકી દીધલ બાદ જતો રહેલ અને પાર્સલ મુકાઈ ગયેલનો વોટસએપ કોલ આવતા આ પાર્સલ લઈ વેરાવળ ગોદીથી બહાર નીકળતા પોલીસને મળેલ બાતમી આધારે પકડી પાડેલ.

બાદમાં આરોપી નં. (૧) આસીફ ઉર્ફે કારાની પુછપરછ દરમિયાન વધુ ડ્રગ્ઝનો જથ્થો બંદરમાં બોટોની આડમાં રાખેલ હોવાનું જણાવતા બંદરમાં આરોપી નં. (૧) આસીફે કલેકટ કરેલ ડ્રગ્ઝના જથ્થાવાળી જગ્યાએ જઈ ઝડતી તપાસ કરતા આરોપી નં. (૩) ધર્મેન્દ્રભાઈ બુધ્ધીલાલ કશ્યપના કબ્જામાંથી એક પ્લા.ના બાચકામાં કુલ–૨૪ કિલોના પેકેટ મળી આવેલ જે બાબતે આરોપી નં. (૩)ની પુછપરછ કરતા ફીશીંગ દરમિયાન ઓમાન દેશની દરિયાઈ હદમાં પોતે ફીશીંગ કરવા જતા હોય તે દરમિયાન અન્ય એક અજાણ્યો ઈસમ પરિચયમાં આવેલ વોટસએપના માધ્યમથી એકબીજાના કોન્ટેકટમાં રહેલ અને તા. ૨૬/૧/૨૪નાં રોજ આરોપી નં. (૩) તથા તેમની સાથે અન્ય ખલાસીઓ ફીશીંગમાં ગયેલ દરમિયાન ઓમાન દેશની દરિયાઈ હદમાં જતા અજાણ્યા ઈસમે આરોપી નં. (૩)નો કોન્ટેકટ કરી આશરે ૧૫૦૦થી ૧૭૦૦ કિલો મચ્છી મફતમાં આપી પાર્સલના બે બાચકા ગુજરાત બંદરે પહોંચાડવા માટે રૂા. ૫૦,૦૦૦ આપવાની લાલચ આપેલ જેથી આરોપી નં. (૩) લાલચમાં આવી ગયેલ અને બાચકા પાર્સલ પોતાની બોટમાં લઈ લીધેલ અને તા. ૨૨/૨/૨૪નાં રોજ સવારમાં વેરાવળ બંદર ખાતે બોટ લઈ આવી ગયેલ અને વોટસએપથી આરોપી નં. (૧)ની કારમાં એક બાચકુ ભરાવી આપેલ અને રૂા. ૫૦,૦૦૦ મળેલ નહી જેથી એક બાચકુ આરોપી નં. (૩)એ બોટની આડમાં અંધારામાં સંતાડી દીધેલ.

એલસીબી પોલીસ ઈન્સ. એમ.એમ. રાણા તથા એલસીબી ટીમ તથા એસઓજી ઈન્ચા. પો.ઈન્સ. એ.બી. જાડેજા તથા તેમની ટીમ તથા પો.ઈન્સ. જે.એન. ગઢવી.

એફએસએલ અધિકારી ભાવિન સોનારા તથા વાય.ડી. કાતરીયાએ કામગીરી કરી હતી.

## લખનૌમાં સહકારી પ્રશિક્ષણમાં યુવા નેતા મનિષ સંઘાણીની ઉપસ્થિતિ



અમરેલી, તા. ૨૩

ઉત્તર પ્રદેશના લખનવ શહેરમાં બેંકર્સ ગ્રામીણ વિકાસ સંસ્થાન આવેલું છે. જયાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના બોર્ડ ઓફ ડાયરેકટર્સઓ જિલ્લાની સહકારી માળખાકીય ગતિવિધિ આગળ વધારવા માટે તાલીમ માટે પહોંચ્યા છે. ત્યારે આ તાલીમના શુભારંભ પ્રસંગે એન. સી. યુ. આઈ અને ઈફકો ના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી, ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. અને યુવા નેતા મનીષ સંઘાણી આ પ્રશિક્ષણ વર્ગમાં ઉપસ્થિત રહી સહકારી તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવેલ. વિવિધ સહકારી ગતિવિધિઓની માહિતી મેળવી હતી.


### આવાઝ કી દુનિયા કે દોસ્તો–હવે સાંભળવા નહિ મળે

## અમીન સયાનીનુ ૯૧ વર્ષની વયે નિધન

### બિનાકા ગીતમાલા હજુ લોકો યાદ કરે છે

સાવરકુંડલા, તા. ૨૩

મનોરંજન જગતમાંથી વધુ એક દુઃખદ સમાચાર આવી રહ્યા છે. રેડિયો–વિવિધ ભારતીના સૌથી પ્રખ્યાત ઉદ્દઘોષક અને ટોક શોના હોસ્ટ અમીન સયાનીનું નિધન થયું છે. અમીન સયાનીનું મંગળવારે સાંજે હાર્ટ એટેકથી અવસાન થયું હતું. તેઓ ૯૧ વર્ષના હતા. અમીન સયાનીના પુત્ર રાજિલ સયાનીએ એબીપી ન્યૂઝને તેમના મૃત્યુની પુષ્ટિ કરી. અમીન સયાનીના નિધનના સમાચારથી તેમના ચાહકોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. સ્વર્ગસ્થ અમીન સયાનીના પુત્રએ એબીપી ન્યૂઝને જણાવ્યું હતું કે અમીન સયાનીને મંગળવારે સાંજે ૬.૦૦ વાગ્યે દક્ષિણ મુંબઈમાં તેમના ઘરે હાર્ટ એટેક આવ્યો હતો. હાર્ટએટેક આવ્યા બાદ તેમના પુત્ર રાજીલ તરત જ તેમને દક્ષિણ મુંબઈમાં એચએન સયાની



પાસે લઈ ગયા હતા. તેમને રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જયાં તબીબોએ ટૂંક સમયમાં જ તેને મૃતજાહેર કર્યા હતા. અમીન સયાનીને હાઈ બ્લડ પ્રેશર અને વય સંબંધિત અન્ય બિમારીઓ હતી અને તેઓ છેલ્લા ૧૨ વર્ષથી કમરના દુઃખાવાથી પણ પીડાતા હતા અને તેથી જ તેમને ચાલવા માટે વોકરનો ઉપયોગ કરવો પડતો હતો.

લગભગ ૪૨ વર્ષ સુધી રેડિયો સિલોન અને ત્યારબાદ વિવિધ ભારતી પર ચાલતા તેમના હિન્દી ગીતોના કાર્યક્રમ બિનાકા ગીતમાલાએ સફળતાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા અને લોકો દર અઠવાડિયે તેમને સાંભળવા ઉત્સુક હતા. અમીન સયાનીના ૫૪,૦૦૦ થી વધુ ગીતો છે. તેનું નામ રેડિયો પ્રોગ્રામના નિર્માણ, સરખામણી, વોઈસઓવર નો રેકોર્ડ. લગભગ ૧૯,૦૦૦ જિંગલ્સ માટે અવાજ આપવા બદલ અમીન સયાનીનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં પણ નોંધાયેલું છે. તેણે ભૂત બંગલા, તીન દેવિયાં, કટલા જેવી ફિલ્મોમાં ઉદ્દઘોષક તરીકે પણ કામ કર્યુ હતું. તેમનો સ્ટાર આધારિત રેડિયો શો 'એસ કુમાર કા ફિલ્મી મુકદ્દમાં પણ ઘણો લોકપ્રિય સાબિત થયો હતો.

## પાલિકાનાં શાસકોએ શહેરનાં રાજમાર્ગો પરની ધૂળ દૂર કરી

# અમરેલીને ધૂળમુકત કરવાનું અભિયાન શરૂ થયું

ધૂળનાં કારણે જનઆરોગ્યને ગંભીર નુકસાન થતું હોય પાલિકાનાં શાસકોએ ઉત્તમ કામગીરી શરૂ કરી

શહેરમાં ગંદકી અને ધુળ દૂર કરવાની કામગીરી અવિરત શરૂ રહે તો શહેરીજનો અનેક બીમારીથી મુકત રહેશે

ડો. જીવરાજ મહેતાનાં સ્વપ્નસમી અમરવલ્લી નગરીને સ્વચ્છ અને સુંદર બનાવવું તે સૌની ફરજ

પાલિકાનાં શાસકો આરંભે શુરા ન રહે અને સતત ગંદકી અને ધુળ દૂર કરતાં રહે તે જરૂરી છે




અમરેલી, તા. ૨૩ અમરેલીએજિલ્લાનુંમુખ્ય મથકછેઅનેઆશહેરમાંગંદકી,ધુળ, બંધ સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ, બિસ્માર માર્ગો જેવી સસ્યાઓ હોય તો સમગ્ર જિલ્લાનું ગૌરવ ઘટે. કારણ કે મહત્વનાંપદાધિકારીઓઅને

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારાસભ્ય એક કલાક મોડા પહોંચ્યા અને પ્રમુખ, ઉપપ્રમુખ ગેરહાજર રહેતાં

# લ્યો બોલો : બગસરામાં ૧.૫૦ કરોડનાં ખર્ચે તૈયાર થનારા સોલાર પેનલનાં પ્રારંભનાં જ કાર્યક્રમમાં ફિયાસ્કો

## શહેરનાં વિકાસની વાત આવે ને પદાધિકારીઓ થાય છે ગાયબ


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૩

બગસરામાં આજે ૧.૫૦ કરોડના ખર્ચે નિર્માણ થવા જઈ રહેલ સોલાર પ્લાન્ટમાં ધારાસભ્ય એક કલાક મોડા આવતા કાર્યક્રમ માં લોકો રાહ જોતા રહ્યા અને બગસરા પાલિકા સંચાલીત આ કાર્યક્રમમાં બગસરાના વિકાસ ના કર્યો અર્થે જેતપુર રોડ વોટર વર્કસના મુખ્ય પંપિંગ સ્ટેશનમાં તેમજ મુંજીયાસર ડેમ સાઈડ વોટર વર્કના મુખ્ય ગ્રાઉન્ડમાં સોલાર પ્રોજેકટનું ખાત મુહુર્ત થવા જઈ રહ્યું છે. ત્યારે ખાતમુહૂર્ત કરવા આવેલ

અનુસંધાન પાના ૬ ઉપર




જોઇએ છે

કોમ્પ્યુટર ઓપરેટર.....................૨

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય..............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## ભાડાનાં મકાનમાં દવાખાનું શરૂ કરી દીધુ

# રાજુલાનાં કોવાયા ગામે વગર ડીગ્રીએ તબીબી પ્રેકટીશ કરનારની અટકાયત

## બનાવટી તબીબ ઈન્દ્રદેવસીંઘ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૨૩

રાજુલા તાલુકાનાં કોવાયા ગામે લાલાભાઈ વાઘના મકાનમાં ભાડે રહેતા શિવમંગલ ઈન્દ્રદેવ સીંઘ, નામનાં ૫૩ વર્ષિય આધેડે પોતાની પાસે કોઈપણ જાતની સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપી પૈસા વસુલ કરી, ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ–૨૬ કુલ કિમત રૂા.૪૫,૫૦૨ ના મુદ્દામાલ રાખી મેડિકલ પ્રેકિટસ કરી, પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય, તેવુ પોતે જાણતા હોવા છતા દર્દીઓને નિદાન કરી સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરતા મેડીકલ ઓફીસર પી.એચ.સી. ભેરાઈના ડો. ધીરાજભાઈ રાજેશભાઈ ભુવાએ બોગસ ડોકટર શિવમંગલ ઈન્દ્રદેવ સીંઘને ઝડપી લઈ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)